વર્ષ : ૩૯ • અંક : ૯
સપ્ટેમ્બર - ૨૦૧૫

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

## નવધા ભક્તિ

શ્રવણ
કીર્તન
ચિંતવન
વંદન
સેવન
ધ્યાન
લઘુતા
સમતા
એકતા



"શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન;
લઘુતા, સમતા, એકતા, નવધા ભક્તિ પ્રમાણ "

- આધ્યાત્મિક કવિશ્રી બનારસીદાસજી (સમયસાર નાટક)

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# ચિંતન

- અજ્ઞાનથી અંધ અજ્ઞાની જીવ સંસારના ક્ષણિકપણાને વળગીને તેમાંથી જ સુખ લેવા બદલ નિત્ય આત્માને ગુમાવી રહ્યો છે, તે રાખ માટે રત્નને બાળી રહ્યો છે.
- દેવદર્શનના ફળમાં જીવનું દેવલોકમાં ગમન થાય છે, જ્યારે ચૈતન્યના દર્શનના ફળમાં જીવનું ચૈતન્યલોક (સિદ્ધલોક)માં ગમન થાય છે.
- જ્યાં સુધી જગતના ક્ષણિકપણાનો બોધ થતો નથી, ત્યાં સુધી પરદ્રવ્યનો ત્યાગ પણ થઈ શકતો નથી. જગતના ક્ષણિકપણાના બોધ માટે આખા જગતના ક્ષણિકપણાનો પ્રત્યક્ષ અનુભવ કરવાની જરૂર પડતી નથી. જગતની એક ક્ષણિક ઘટનાના ક્ષણિકપણાથી બોધ લઈને, એમ નિર્ણય કરવો જોઈએ કે આખું જગત ક્ષણિક છે.
- જે લોકો ભાડાના ઘરમાં રહે છે, તેમને જેવો અહેસાસ હોય છે તેવો અહેસાસ પોતાના ઘરમાં રહેનારને પણ થવો જોઈએ. પોતાનું ઘર પણ પોતાનું નથી, ભાડાનું છે. શરીર પણ એક ઘર છે. દેહરૂપી ઘર પણ ભાડાનું છે, અને દેહને મળેલું નામ પણ ભાડાનું છે. આત્મામાં ઉત્પન્ન થતા રાગાદિ વિકારીભાવો પણ ક્ષણિક છે.
- આત્માર્થી જીવને એવો નિર્ણય હોય છે કે, અનંત પર્યાયમાં ભોગવેલું દુ:ખ એક પર્યાયમાં પણ ભોગવવું નથી, અને એક પર્યાયમાં પણ ન ભોગવેલું સુખ અનંત પર્યાયમાં ભોગવવું છે.
- એ વાત પરમ સત્ય છે કે માત્ર નિમિત્તથી કાર્ય થતું નથી, છતાં વનવિહારી ભાવલિંગી મુનિરાજો પણ અસદ્ નિમિત્તોને છોડીને સદ્ નિમિત્તોમાં રહે છે.
- જ્યારે જીવને એવો અહેસાસ થાય કે આ નરભવ માત્ર નારાયણ થવા માટે જ મળ્યો છે, નરભવની એક પળ પણ વ્યર્થમાં ગુમાવવી યોગ્ય નથી ત્યારે તે જીવ અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ કરી શકે છે.
- જે જીવને જગતના ક્ષણિકપણાનો બોધ થાય છે, તે જીવને જગતજનો સાથે વાર્તાલાપ પણ બોજરૂપ લાગે છે. બાહ્યવ્યવહાર તેને રૂચતો નથી. સંસારના સંબંધો આત્માની મહાનતા નથી, પણ આત્માને કર્મબંધનના જ કારણો છે, તેથી જ્ઞાનીને કોઈ પણ અપ્રયોજનભૂત વિષયમાં જોડાણ થતું નથી.
- પોતાને શરીરથી જુદો માનવાનું નામ સમ્યગ્દર્શન છે અને શરીરથી જુદો થવાનું નામ મોક્ષ છે.
- અજ્ઞાનીને બાહ્ય ભૌતિક પદાર્થોમાં સુખબુદ્ધિ હોવાથી તે બાહ્ય સાધનોને જ પોતાની સંપત્તિ માને છે, જ્યારે જ્ઞાનીની દૃષ્ટિમાં તો સંપત્તિ એ જ વિપત્તિ છે.
- વીજળીના ચમકારે મોતી પરોવાય તેમ, પોતાની ક્ષણિક પર્યાયમાં આત્મદ્રવ્યને પરોવવાથી મોક્ષમાળા તૈયાર થાય છે.
- પુણ્યના રસને છોડીને અતીન્દ્રિય સુખના સમરસને પીએ, તે જ ધર્માત્મા છે.
- પરિગ્રહ નામના પાપને અર્થે પોતાના પુણ્યને ખર્ચવા કરતા સદ્ગુરુની પ્રાપ્તિ અર્થે પુણ્ય ખર્ચાય તો શ્રેષ્ઠ છે. દરેક સાધકની એ જ ભાવના હોવી જોઈએ.
- 'મારા વિના આ જગત ચાલશે નહીં' એવું કહેનારા લોકોથી કબ્રસ્તાન ભરેલા છે. આજે તેઓ અહીં હાજર નથી છતાં આખું જગત વ્યવસ્થિત ચાલી રહ્યું છે. જગતના સ્વતંત્ર પરિણમનને આત્માના એક પણ વિકલ્પની જરૂર નથી. એકમાત્ર નિર્વિકલ્પ દશા જ પરમ ઉપાદેય છે.
- જીવ અનંતવાર જન્મ્યો, જીવ્યો અને મર્યો, પણ તેણે એકવાર પણ અંતરથી વીતરાગધર્મનું શરણ લીધું નહીં. તે જીવવાના લક્ષ્યે તો અનંતવાર જીવ્યો, પણ મરવાના લક્ષ્યે એકવાર પણ જીવ્યો નથી. જ્યારે જીવ મનુષ્યભવના ક્ષણિકપણાને દૃઢરૂપે સમજે છે, ત્યારે પર્યાય તરફથી દૃષ્ટિ હટાવીને પોતાને નિત્ય ધ્રુવ આત્મા માને છે.

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80,   £-60

આજીવન : Rs. 15000

$-300,   £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવાની પૂર્વભૂમિકા .......
........................ પૂ.શ્રી આત્માનંદજી ..... ૬
(૩) કરુણાનું વિશાળ જગત .. ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન ..................
...................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૨
(૫) સદ્ગૃહસ્થની આચારસંહિતા ... પૂજ્ય બહેનશ્રી .... ૧૫
(૬) શ્રી આનંદઘન ચોવીશી . શ્રી અશોકભાઈ શાહ .... ૧૭
(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧
(૮) સમ્યક્ જ્ઞાન ..............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૫
(૯) વીર્યશક્તિ ...............શ્રી વલભજી હીરજી .... ૨૮
(૧૦) સામાયિક વ્રત ....... શ્રી નિરૂપમાબેન ડગલી .... ૨૯
(૧૧) ક્ષમાનું અમૃત ........ શ્રી મંજુલાબેન બોટાદરા .... ૩૦
(૧૨) પૂર્વજન્મના સંસ્કાર ....... શ્રી ચંદ્રહાસ ત્રિવેદી .... ૩૧
(૧૩) સમદર્શિતા ........... શ્રી નવનીતભાઈ શાહ .... ૩૩
(૧૪) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૪
(૧૫) Yuva Times ................................................. ૩૬
(૧૬) જીવનઅર્ક - દિવાળી પુસ્તિકા .................... ૩૭
(૧૭) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૯

**વર્ષ : ૩૯   સપ્ટેમ્બર, ૨૦૧૫   અંક - ૯**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

શાસનનાયક શ્રી વીરપ્રભુએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં માનવભવને દસ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે. આપશ્રીએ પણ મનુષ્યજન્મની એક એક પળને ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ અમૂલ્ય ગણાવી છે. કાળચક્રમાં ભાગ્યે જ આવતો આ હુંડાવસર્પિણીકાળ-એમાં જન્મેલા અમે આપના બાળકો-કળિયુગ હોવા છતાં - ચોથા આરામાં દુર્લભ એવા આપના જેવા પરમપુરુષનો મહત્‌પુણ્યયોગે યોગ પામ્યા છીએ. આપ મળ્યા ત્યારથી અમારો તો ભાગ્યોદય થયો છે. અનંતકાળ અંધકારમાં ગયા પછી આપના જ્ઞાનકિરણોએ અમારા જીવનમાં પ્રકાશ ફેલાવવા માંડ્યો છે. હવે 'જાગ્યા ત્યારથી સવાર', એમ રૂડા પુરુષોનો બોધ વિચારી, આત્મહિત કરી લેવું જોઈએ એમ માન્યતા થઈ છે.

હવે તો અમે હે પ્રભુ ! આપને શરણે આવી જ ગયા છીએ અને જીવનપર્યંત આપના શરણમાં રહેવાના જ છીએ. હવે પછીના જીવનમાં આપને જે પ્રિય છે તે જ અમારે કરવું છે. અમારે આપની આજ્ઞાને અનુસરવું છે. જગતની સર્વ જંજાળ ત્યજીને શાંતિ અને સમાધિ પામવી છે. સર્વ પ્રકારના ભયને ત્યજીને નિર્ભય બનવું છે. ચંચળતા છોડીને હવે અમારે આત્મસ્થિરતા ભજવી છે. અમારા દિલમાં આપના પ્રત્યેના અહોભાવને અમારે વ્યક્ત કરવો છે. હે પ્રભુ ! અનાદિકાળથી અમને સંસારમાં રખડાવતા કષાયોને કાબૂમાં રાખીને, વિષયોની ઈચ્છા ત્યજવી છે. આપના ગુણરત્નાકરમાંથી થોડા રત્નો લેવા છે. આપના નેત્રોમાંથી ઝરતો પ્રશમરસ મારે ઝીલવો છે. ભક્તિના ઝરણાંથી કર્મમળને ધોવો છે. વધુ શું કહીએ ?


"ઘણું કરવું છે, ઘણું કરવું છે, કરવાનો કોઈ પાર નથી,
કૃપાળુ ! તમારી કૃપા વિના બીજો કોઈ આધાર નથી."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૩૭૪



**મુંબઈ, વૈશાખ, ૧૯૪૮**

"ગમે તેટલી વિપત્તિઓ પડે, તથાપિ જ્ઞાની દ્વારા સાંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી."

ઉદય આવેલો અંતરાય સમપરિણામે વેદવા યોગ્ય છે, વિષમપરિણામે વેદવા યોગ્ય નથી.

તમારી આજીવિકા સંબંધી સ્થિતિ ઘણા વખત થયાં જાણવામાં છે; એ પૂર્વકર્મનો યોગ છે.

યથાર્થ જ્ઞાન જેમને છે એવો પુરુષ અન્યથા આચરે નહીં; માટે તમે જે આકુળતાને લઈ ઇચ્છા જણાવી, તે નિવૃત્ત કરવા યોગ્ય છે.

જ્ઞાની પાસે સાંસારિક વૈભવ હોય તોપણ મુમુક્ષુએ કોઈ પણ પ્રકારે તે ઇચ્છવો યોગ્ય નથી. ઘણું કરી જ્ઞાની પાસે તેવો વૈભવ હોય છે, તો તે મુમુક્ષુની વિપત્તિ ટાળવા માટે ઉપયોગી થાય છે. પારમાર્થિક વૈભવથી જ્ઞાની, મુમુક્ષુને સાંસારિક ફળ આપવાનું ઇચ્છે નહીં; કારણ કે અકર્ત્તવ્ય તે જ્ઞાની કરે નહીં.

ધીરજ ન રહે એવો પ્રકારની તમારી સ્થિતિ છે એમ અમે જાણીએ છીએ, તેમ છતાં ધીરજમાં એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે તમને કર્ત્તવ્ય છે; અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય માર્ગ છે.

હાલ તો અમારી પાસે એવું કોઈ સાંસારિક સાધન નથી કે તમને તે વાટે ધીરજનું કારણ થઈએ, પણ તેવો પ્રસંગ લક્ષમાં રહે છે; બાકી બીજાં પ્રયત્ન તો કર્ત્તવ્ય નથી.

કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે, તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ-પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે.

ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારૂપ ભયનું સ્થાનક એવું જે ભવિષ્ય તે વિસ્મરણ કરવા યોગ્ય છે. તેની 'ચિંતા વડે' પરમાર્થનું વિસ્મરણ હોય છે. અને એમ થાય તે મહા આપત્તિરૂપ છે; માટે તે આપત્તિ આવે નહીં, એટલું જ વારંવાર વિચારવા યોગ્ય છે. ઘણા વખત થયાં આજીવિકા અને લોકલજ્જાનો ખેદ તમને અંતરમાં ભેળો થયો છે. તે વિષે હવે તો નિર્ભયપણું જ અંગીકાર કરવું યોગ્ય છે. ફરી કહીએ છીએ કે તે જ કર્ત્તવ્ય છે. યથાર્થ બોધનો એ મુખ્ય માર્ગ છે. એ સ્થળે ભૂલ ખાવી યોગ્ય નથી. લજ્જા અને આજીવિકા મિથ્યા છે. કુટુંબાદિનું મમત્વ રાખશો તોપણ જે થવાનું હશે તે થશે. તેમાં સમપણું રાખશો તોપણ જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરભિમાની થવું યોગ્ય છે.

સમપરિણામે પરિણમવું યોગ્ય છે, અને એ જ અમારો બોધ છે. આ જ્યાં સુધી નહીં પરિણમે ત્યાં સુધી યથાર્થ બોધ પણ પરિણમે નહીં.

### પત્રાંક - ૯૩૬

**વવાણિયા, જ્યેષ્ઠ વદ ૦)), ૧૯૫૬**

ચિંતિત જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે; એ જ આ મનુષ્યદેહ છે કે જે દેહમાં, યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.

અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે.

# આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવાની પૂર્વભૂમિકા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



જ્યાં સુધી આપણે આપણા જીવનમાં મુમુક્ષુતા ન લાવીએ ત્યાં સુધી આપણે જ્ઞાન પામી શકીએ નહીં. ભરતચક્રવર્તી આદિ જ્ઞાનીઓ દુનિયામાં અપવાદરૂપ થઈ ગયા. આપણે જો મુમુક્ષુ ન બનીએ અને ભાવના એવી રાખીએ કે આપણે જ્ઞાની બનવું છે તો તે ત્રણકાળમાં સંભવ નથી. લોટ, ઘી, ગોળ વિના જાદુગરીથી શીરો બનાવી શકાય નહિ. અધ્યાત્મયોગી શ્રી કુંદકુંદાચાર્યે પણ મોક્ષના માર્ગને નમસ્કાર કરતા કહ્યું છે,

"શ્રમણો જિનો તીર્થંકરો, એ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા નમું તેમને, નિર્વાણના તે માર્ગને."

**– શ્રી પ્રવચનસાર - ૧૯૯**

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એટલે સાચો આનંદ પ્રાપ્ત કરવો. ભાઈ, અત્યારે જે તને 'ટેસડો' લાગે છે તે જૂઠો છે તથા જ્ઞાનીઓને જ સાચો 'ટેસડો' છે. તારો 'ટેસડો' તો થોડીવારમાં જતો રહે છે અને તે તો માત્ર બાહ્ય જ છે, જ્યારે સંતોને અંતરંગ અને ક્યારેય ન જનાર ટેસડો છે માટે પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે, "હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં." કારણ કે બહારમાં તો સુખ છે જ નહીં. ગમે તે વસ્તુ, પદાર્થ કે પદ મળે તો તેમાં સાચું સુખ નથી એવો સર્વ જ્ઞાનીઓએ અનુભવ કર્યો છે. માટે સંતો કહે છે કે હે ભવ્યો ! જો તમારે સાચો આનંદ પ્રાપ્ત કરવો હોય તો આત્મજ્ઞાન પ્રાપ્ત કરો અને તે આત્મજ્ઞાન જેમણે પ્રાપ્ત કર્યું છે તેમના શરણે જાઓ. આચાર્ય મહારાજે 'સમયસાર'ની શરૂઆતમાં આ રીતે કહ્યું છે કે જેવી રીતે કોઈ ધનનો અર્થી હોય તે પહેલા રાજાને તેના લક્ષણોથી ઓળખે છે અને પછી આ જ રાજા છે એવી શ્રદ્ધા કરે છે, એને ખુશ કરવા માટે એની આજ્ઞા પ્રમાણે વર્તે છે તો તેને ધનાદિકની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે -

"જીવરાજ એમ જ જાણવો, વળી, શ્રદ્ધવો પણ એ રીતે,
પછી યત્નથી અનુસરણ કરવું, તેહનું મોક્ષાર્થીએ."

**– શ્રી સમયસાર**

ટ્રેનમાં મુંબઈથી અમદાવાદ આવવા નીકળો ત્યારે મહેમદાબાદથી આગળ વધો એટલે ધુમાડો દેખાય, ભૂંગળા દેખાય એટલે લાગે કે હવે અમદાવાદ આવવાની તૈયારી છે; એમ ઉત્તમ મુમુક્ષુપણું આવે તો આત્મજ્ઞાનના ભણકારા વાગે. સાધના એટલે જેનાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય તેવા ઉપાયો. ભક્ત કવયિત્રી શ્રી મીરાંબાઈ કહે છે કે,

"જનમ જનમ કી પુંજી પાઈ, જગમેં સબ હી ખોવાયો,
પાયોજી મૈંને રામ રતન ધન પાયો."

આગલા ભવોની જો સાધના હોય તો આ ભવમાં આત્મજ્ઞાન જલ્દી થઈ શકે અને જો પૂર્વભવની સાધના ન હોય તો આ ભવની સાધના આગલા ભવમાં કામ આવશે. માટે આપણે આત્મામાં સદ્‌ગુરુની સેવાના, પરમાત્મા પ્રત્યે પ્રેમના અને ધર્મસ્મરણના એવા સંસ્કાર દઢ કરીએ

કે ઘડપણમાં કોઈપણ પ્રકારની વેદના થાય તો પણ ચિત્ત તે વેદનામાં ન જોડાય અને તે સંસ્કારો આગલા ભવમાં જાય. જેમ ગરમ તવા પર પાણીના છાંટા નાખો તો તે તરત જ ઉડી જાય, તેમ જો થોડા સંસ્કારો આત્મા પર પડ્યા હોય તો મૃત્યુ વખતે વેદનામાં ભળી જવાથી તે સંસ્કારો ઉડી જાય તથા સ્વર્ગમાં જઈ ત્યાંના સુખોમાં જીવ તલ્લીન થઈ જાય. 'હું દેહથી જુદો ચૈતન્ય સચ્ચિદાનંદ છું' એવા દૃઢ સંસ્કાર પાડવા માટે સત્સંગની ઉપાસના કરવી જોઈએ તથા સાચી ભક્તિની ઉપાસના કરીને અહંકારનો નાશ કરવો. મોટેથી ભજન બોલવા તે વ્યવહાર ભક્તિ કહેવાય. બોલવું તે તો બાહ્યક્રિયા છે, પણ તે ભક્તિ પદ બોલતી વખતે અંદરમાં જે ભાવોત્પત્તિ થાય તે નિશ્ચય ભક્તિ છે. અહંકાર, મમકાર, મારું-તારું, મોહ આ બધાને મટાડવાનો શ્રેષ્ઠ ઉપાય તે સદ્‌ગુરુ અને પરમાત્માનું સ્વરૂપ જાણી તેમની અનેક પ્રકારે ભક્તિ કરવી, પરંતુ દરેકને આવું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી, કારણ કે સાચા મુમુક્ષુ પણ ઓછા છે તથા સદ્‌ગુરુ તો તેનાથીય ઓછા છે. જો તે બંનેનું મિલન થાય તો રત્નત્રયની પ્રાપ્તિ થાય છે.

જેણે મતાર્થી લક્ષણ છોડ્યા હોય, આત્માર્થી લક્ષણ ગ્રહણ કર્યા હોય, શ્રી આત્મસિદ્ધિનું પહેલું, બીજું, ત્રીજું, ચોથું, પાંચમું અને છઠ્ઠું પદ ઉપાસ્યું હોય ત્યાર પછી કહે છે,

"સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજ પદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન."

આત્મજ્ઞાન તે જ્ઞાન નથી, પણ ભાન છે ભાવભાસન છે.

આવું ક્યારે થાય ? કબીરજી કહે છે,
"બનત બનત બન જાઈ, જાકી પૂરણ કમાઈ,
સાધુ કી સંગત પાઈ, જાકી પૂરણ કમાઈ."

'આવ્યું અપૂર્વ ભાન.' આજ સુધી હું શરીરને જ પોતાનું માનતો હતો અને સ્ત્રી, પુત્રાદિકને મારા માનતો હતો, પરંતુ આપના ઉપદેશામૃતથી આજે મને અપૂર્વ ભાન થયું કે હું તે સર્વેથી ભિન્ન, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી એવો આત્મા છું.

'નિજ પદ નિજમાંહી લહ્યું.'

અહીં નિશ્ચયથી વાત કરી છે. આચાર્ય ભગવાન તેને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિ એમ નામ આપે છે. સરળ ભાષામાં તેને મોહગ્રંથિનો ભેદ થયો, આત્મભ્રાંતિનો નાશ થયો, મિથ્યાત્વ-અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થયો અને આત્મજ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ થઈ. તે માટે આપણે વારંવાર સમજણપૂર્વક જેમણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા સદ્‌ગુરુ તથા સંતોનો સમાગમ કરવો. તે સમાગમ જો અહંકાર મૂકીને કરીશું તો જ ફળવાન થશે, નહિ તો સત્સંગ ફળવાન થશે નહિ. શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક ૬૦૯માં સત્સંગ ફળવાન ન થવાના ચાર કારણો બતાવ્યા છે : ૧. મિથ્યાઆગ્રહ, ૨. સ્વચ્છંદ, ૩. પ્રમાદ અને ૪. વિષયલોલુપતા. આ ચાર કારણોનો ત્યાગ થાય તો જ સત્સંગ ફળવાન થશે, નહિ તો અંદર અજ્ઞાન જ ઘૂંટે છે કે હું મિલમાલિક છું વગેરે. માટે આ ચાર કારણોને જો ઘટાડે તો થોડો સત્સંગ થાય. જો તેને વિશેષ ઘટાડે તો વિશેષ સત્સંગ થાય અને જો તેનો થોડો પણ નાશ થાય તો તે સ્વયં સત્સંગરૂપ બની જાય. સર્વ સત્સંગનું પરમાર્થફળ તે અસંગ એવા આત્મપદની શ્રદ્ધા થવી, જ્ઞાન-બોધ થવો, અનુભવ થવો તે છે. આવો સત્સંગ કરવા માટે શું કરવું ? તો અસત્સંગ છોડીએ તો જ સત્સંગ કરી શકાય, જેમ ખડખડાટ હસવું અને લોટ ફાકવો તે બંને એક સાથે બની શકે નહીં.

વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં અને

અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી તેમાં કિંચિત્ માત્ર પણ સંશય નથી. માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય અને આખો દિવસ દુકાન, બંગલા, સામાજિક પ્રવૃત્તિમાં જ રચ્યાપચ્યા રહીએ તો તેની પ્રાપ્તિ 'ન ભૂતો ન ભવિષ્યતિ' એમ સમજવું. સાથે સાથે એ પણ સમજવું કે ભલે સત્સંગમાં બેઠા હોઈએ પણ જો મન તેમાં ન રહે તો સત્સંગ ફળવાન થતો નથી. જ્યાં મન છે ત્યાં જ તમે છો અને તેના ફળની પ્રાપ્તિ પણ જ્યાં 'ભાવ' હશે તે અનુસાર જ થશે. એટલે જ જેને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેણે સાંસારિક કાર્યોને મર્યાદિત કરવાં. આમ કરવું અઘરું છે તો પણ તેનો અભ્યાસ કરવો. પરોપકાર કરવો તે પ્રથમ ભૂમિકા છે ખરી, પણ પરોપકાર કરી અભિમાન ન કરવું. હું બધાને સુધારી દઉં, આ બધાને આત્મજ્ઞાન પમાડી દઉં, વ્યસન છોડાવી દઉં વગેરે ભાવના કરવી તે ઠીક છે, પરંતુ તેનો અહંકાર કરવો તે અજ્ઞાન છે. સાધક જેમ જેમ આગળ વધે તેમ તેમ પૂજા કરતી વખતે ભાવશુદ્ધિ વધારે છે અને અંતે સ્વયંની પૂજા કરવા લાગે છે !

''સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો.''

''નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.''

જ્ઞાનીના ઉપયોગનો એક છેડો અન્ય કામ કરતાં પણ આત્માથી જોડાયેલો રહે છે. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ બતાવતા અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે,

''ઉદરભરણ કે કારણે રે, ગૌઆ વન મેં જાય,
ચારો ચરે ચહું દિશિ ફિરે, એનું ચિત્તડું વાછરડામાંય,
મનાજિ તું તો...''

૫૦ વર્ષ પૂરા થયા અને એકાવન ચાલુ થાય ત્યારે વાનપ્રસ્થ આશ્રમનો સ્વીકાર કરી સમાજની સેવા કરવી અને નિવૃત્તિક્ષેત્રમાં રહેવાનો અભ્યાસ કરવો. ઘરડાં થઈએ પછી જ ધર્મ કરવો એવી માન્યતા ઉચિત નથી, પણ નાની ઉંમરથી થોડો થોડો ધર્મ કરતા રહેવું. સંતો કહે છે કે,

''જિન ધરી બાલકપણે દીક્ષા, કમઠમાન વિદારકે,
શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્ર કે પદ, મૈં નમું શિરધાર કે.''

બાળપણમાં જ વિરક્તિ લઈ પ્રવજ્યા (દીક્ષા) ધારણ કરીએ એટલું પુણ્ય તથા પૌરુષ આપણમાં નથી, છતાં જાગ્યા ત્યારથી સવાર. સાત દિવસમાં એક દિવસ કામકાજ બંધ રાખવું અને વિશેષ સાધના કરવી. સરકાર પણ અઠવાડિયામાં એક દિવસ રજા આપે છે. જેટલો સમય આયુષ્યનો તેટલો સમય દુનિયાના કામકાજનો રાખીએ તો આત્મકલ્યાણ અને શાશ્વત આનંદની પ્રાપ્તિના માર્ગનો ઉદ્યમ થઈ શકે નહિ. આ અભ્યાસ બાળપણથી જ શરૂ કરવો. આપણે બાળકોને મંદિરમાં લઈ જવા જોઈએ તથા તેમના હાથે જ પૈસા મંદિરમાં નખાવવા જોઈએ. ભલે તેમને કંઈ ખબર ન પડે, પણ તેના સંસ્કાર તેના આત્મા ઉપર પડે છે કે મંદિરમાં જઈએ ત્યારે ખાલી હાથે ન જવાય. ભલે તમારી પાસે મરવાનો પણ સમય નથી તો પણ ઓછામાં ઓછું દર ૧૫ દિવસે એકવાર મંદિરમાં જવું અને સવારથી સાંજ સુધી ત્યાં રહેવું, થોડી સેવા કરવી, બીજાઓનો ઉપકાર કરવો, સ્વાધ્યાય સાંભળવો તથા એવા કાર્યો કરવા કે જેથી સ્વાર્થ ઘટે.

**''સ્વાર્થ ત્યાગ કી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈ''**

આમ, જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું છે તે જીવે પ્રમાદ, સ્વચ્છંદ આદિ દોષોનો ત્યાગ કરી ભગીરથ પુરુષાર્થ કરવો જોઈએ. દુનિયાનું સૌથી શ્રેષ્ઠ સ્વાધીન સુખ પ્રાપ્ત કરી જીવનને સફળ અને કૃતકૃત્ય બનાવવું જોઈએ.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

પરમનો સ્પર્શ - ૭૦

# કરુણાનું વિશાળ જગત

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સ્વામી રામકૃષ્ણ પરમહંસ પોતાના શિષ્યોની સાથે નદીના કિનારા પરથી પસાર થતા હતા, ભક્તિપદોનું જ્ઞાન ચાલી રહ્યું હતું, ત્યારે તેઓ એકાએક આર્તસ્વરે ચીસ પાડે છે કે 'મને કોઈ મારે છે ! મારી પીઠ પર કોઈ કોરડા વીંઝે છે !' એમની આસપાસ ઊભેલા અનુયાયીઓને આશ્ચર્ય થયું કે ગુરુદેવની આસપાસ તો માત્ર એમના અંતેવાસીઓ જ ઉપસ્થિત છે અને તેઓ કંઈ પોતાના ગુરુને સહેજે ઈજા પહોંચાડે ખરા ?

એક અનુયાયીએ પૂછ્યું, "અરે ! આપ આટલી બધી ચીસો કેમ પાડો છો ? તમારી આજુબાજુ કોઈ નથી કે જે તમારી પીઠ પર કોરડા વીંઝતું હોય. અહીં તો બધા જ તમારા ભક્તો છે."

સ્વામી રામકૃષ્ણ પરમહંસે પહેરણ ઊંચુ કરીને પીઠ બતાવી, તો એના પર કોઈએ ચાબૂક પર ચાબૂક ફટકારી હોય, તેવા સોળ ઊઠી આવ્યા હતા. એમાંથી લોહીના ટશિયાં ફૂટ્યા હતા.

સાથેના સંતો વિચારમાં ડૂબી ગયા. એમણે ચોપાસ તપાસ કરી તો જાણ થઈ કે સામેના કિનારે આવેલા એક ખેતરમાં ગરીબ ખેતમજૂરને જમીનદાર ચાબૂકે ચાબૂકે ફટકારતો હતો. સંતની સંવેદના એવી કે સામેના કિનારે થતી વેદનાને પોતાની પીઠ પર ઝીલી લે ! સંતોનો મૈત્રીભાવ એટલો વ્યાપક હોય છે કે એ સમાજ અને સૃષ્ટિનાં ઘણાં દુઃખો સ્વયં સ્વીકારી લે છે. મહાયોગી આનંદઘન અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના જીવનમાં પણ એવી કથાઓ મળે છે કે જેમાં એમણે અન્ય વેદનાગ્રસ્તની વ્યાધિ સ્વયં પોતે સ્વીકારી લીધી હોય અને એમને એમાંથી મુક્ત કર્યા હોય. વર્તમાન સમયમાં પૂજ્ય શ્રી મોટાના જીવનમાંથી પણ આવાં કેટલાક પ્રસંગો મળે છે, જેમાં એમણે અન્યના રોગ સ્વયં સ્વીકારી લીધા હતા.

આ મૈત્રીનો ભાવ માત્ર માણસ સુધી જ મર્યાદિત નથી. એ મૈત્રી સમગ્ર પ્રજા સુધી પણ વ્યાપી વળે છે. રશિયાના મહાન લોકનેતા લેનિને રશિયામાં પ્રચંડ ક્રાંતિ કરી. આ લોકનેતાએ પોતાની લાગણીશીલ પત્ની ક્રૂસ્પકાયા પર અદાલતમાં એક મુકદ્દમો દાખલ કર્યો હતો. વાત એવી બની હતી કે બીમાર લેનિનની સારવાર માટે એક મોંઘી દવાની જરૂર હતી. લેનિને કહ્યું કે ગરીબોના નેતા એવા મને આ મોંઘી દવા સહેજે પોસાય નહીં, આથી એમણે એ દવા ખરીદવાની સ્પષ્ટ ના પાડી. પરિસ્થિતિથી ચિંતિત એવી લેનિનની પત્ની ક્રૂસ્પકાયાએ એમને બે-ત્રણ વાર વિનંતી કરી, પરંતુ લેનિને કહ્યું કે આ દેશમાં કેટલાય ગરીબો આ દવા લઈ શકતા નથી, તો પછી હું કઈ રીતે લઈ શકું ?

લેનિનની પત્નીએ આખરે એક ઉપાય શોધી કાઢ્યો. તેઓ ચા અને બિસ્કીટમાં ભેળવીને એ દવા આપવા લાગ્યા. લેનિનને આની ખબર પડી ગઈ, ત્યારે એમના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે ક્રૂસ્પકાયાને કહ્યું કે મને આવી મોંઘી દવા આપીને તમે શા માટે સામાન્ય નાગરિકોથી મને અળગો પાડ્યો ? મારી સાથે કરેલી આ એક પ્રકારની છેતરપિંડી છે અને આને માટે લેનિને એની પત્ની પર મુકદ્દમો માંડ્યો અને અદાલતે ક્રૂસ્પકાયાને પતિની છેતરપિંડી કરવા માટે ત્રણ મહિનાની સજા ફટકારી, પણ સાથોસાથ એમ કહ્યું કે આમ કરીને એણે રશિયાના મૂલ્યવાન નેતાની અમૂલ્ય જિંદગી બચાવી છે, તેથી એમને એ સજા ભોગવવામાંથી મુક્તિ આપવામાં આવે છે, એટલું જ નહીં, પણ રશિયા સદાય ક્રૂસ્પકાયાનું ઓશિંગણ રહેશે. આ ઘટનામાં

નેતાનો પ્રજા પ્રત્યેનો ગાઢ પ્રેમ જોવા મળે છે. એક પ્રકારની વ્યાપક મૈત્રીભાવના દૃષ્ટિગોચર થાય છે.

ભારતીય સંસ્કૃતિએ આ મૈત્રીભાવનો ઘણો મોટો વિકાસ સાધ્યો છે. એણે માત્ર માનવ-માનવ સુધી જ મૈત્રીનો ભાવ સીમિત રાખ્યો નથી. અબોલ પ્રાણીઓ તરફ પણ એનો મૈત્રીભાવ જોવા મળે છે. ભારતના ધર્મગ્રંથોમાં એવી અનેક કથાઓ મળે છે કે જ્યાં માનવી અને પ્રાણી વચ્ચે ગાઢ મૈત્રીભાવ હોય. ભગવાન શ્રીકૃષ્ણની કલ્પના ગાયની ઉપસ્થિતિ વિના અધૂરી લાગે છે. શિવની સાથે નંદી હોય અને વિષ્ણુ સાથે શેષનાગ હોય, સહજાનંદ સ્વામી સાથે માણકીઘોડી હોય અને રાણાપ્રતાપ જેવા વીર પાસે ચેતક અશ્વ હોય, એ જ રીતે જૈન તીર્થંકરોનાં લાંછન (ચિહ્ન) રૂપે વૃષભ, સિંહ વગેરે હોય છે.

આનો અર્થ જ એ છે કે ભારતીય પરંપરામાં મનુષ્યસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ એ કોઈ વિરોધી પરિબળો નથી. મનુષ્યો બુદ્ધિશાળી હોવાથી પ્રાણીઓ કરતાં ચડિયાતા નથી અને પ્રાણીઓ એનાં સેવક કે ગુલામ હોય એવી ભાવના નથી, બલકે મનુષ્યની સાથોસાથ પ્રાણીઓનું જગત રહેલું છે.

ચોથી સદીમાં થયેલા મહાન આચાર્ય ઉમાસ્વાતિજી રચિત 'તત્ત્વાર્થસૂત્ર' ગ્રંથ જૈન ધર્મનો સંપૂર્ણ પરિચય આપનારો શાસ્ત્રગ્રંથ છે. આ મહાન ગ્રંથનું પહેલું વાક્ય છે, 'परस्परोपग्रहो जीवानाम्' એટલે કે જીવો પરસ્પર અવલંબિત હોય છે. એનો અર્થ જ એ કે મનુષ્યનું જીવન કીડી પર અને કીડીનું જીવન મનુષ્ય પર નિર્ભર છે. આ બંને એટલે કે માનવ અને પ્રાણીનું સહઅસ્તિત્વ એટલા માટે પણ જરૂરી છે કે બંને એકબીજા વિના ટકી શકે તેમ નથી. પરસ્પરના આધારરૂપ છે. આજે પર્યાવરણવાદીઓ જે વિચાર વ્યક્ત કરે છે, તે વિચાર વર્ષો પૂર્વે લખાયેલા પ્રાચીન ભારતીય ગ્રંથોમાં મળે છે.

આ પ્રાચીન ગ્રંથો માત્ર પ્રાણી સાથે જ નહીં, પણ પ્રકૃતિ સાથે પણ મૈત્રીભાવ દાખવવાનું કહે છે. માણસ અને પ્રકૃતિ એ ભિન્ન નથી, એમ માનનારી આપણી સંસ્કૃતિએ પ્રકૃતિનાં તત્ત્વોનો સદાય આદર કર્યો છે. પ્રકૃતિનો વિનાશ કરવાને બદલે એના વિકાસની કલ્પના કરી છે. કવિ કાલિદાસ રચિત 'શાકુન્તલ' નાટકમાં સાસરે જતી શકુન્તલાને વૃક્ષો વસ્ત્રો આપે છે. આ વર્ણન દર્શાવે છે કે પ્રકૃતિ એ મનુષ્યજીવનના અભિન્ન અંગ સમાન છે. આથી આગમગ્રંથો કહે છે કે પશુ અને પ્રકૃતિનો નાશ કરનાર વ્યક્તિ હકીકતમાં તો પોતાનો નાશ કરતી હોય છે. આમ, આંતર પરિવર્તનનો પાયો એ મૈત્રી છે.

પહેલા હૃદયની વિશાળતા સધાય પછી મૈત્રીનો પ્રાદુર્ભાવ થાય. પહેલાં સ્વહિતનાં કુંડાળામાંથી માણસ બહાર નીકળે, પછી જ એ પરહિતનાં પ્રદેશમાં પગ મૂકી શકે છે. આંતર પરિવર્તનનું ખરું કામ ચિત્તને અંતર્મુખ કરવાનું છે અને તેનું પહેલું પગથિયું એ મૈત્રીભાવના છે. આ મૈત્રી સાથે કરુણા જોડાયેલી છે.

એક સિક્કાની બે બાજુ જેવી મૈત્રી અને કરુણા છે. મૈત્રી એ પ્રેમને વહેંચે છે, તો કરુણા એ વેદનાને ઓછી કરે છે. દુઃખી જીવો તરફ કરુણાની ભાવના હોવી જરૂરી છે, કારણ કે કરુણા એ માત્ર બીજાના દુઃખ, વેદના કે યાતનાને માત્ર જોતી નથી, પરંતુ એને દૂર કરવાનો પ્રબળ પુરુષાર્થ પણ કરે છે. આપણા ધર્મોએ અહિંસાનો મહિમા કર્યો છે, પરંતુ કરુણાની બાબતમાં ક્યારેક કચાશ દાખવી છે. હકીકતમાં કરુણા દ્વારા વ્યક્તિ બીજાની વેદના ઓછી કરીને પોતે પરમ આત્મસંતોષ પામી શકે છે. આથી જ એક ઉર્દૂ શાયરે કહ્યું છે,

"હો સકે તો કિસી બેબસકા સહારા બન,
મૌજે તુફાન ન બન, ખામોશ કિનારા બન."

માનવીના હૃદયમાં સૌંદર્ય જગાડવા માટે

કરુણા જરૂરી છે અને આપણે જાણીએ છીએ કે સુંદરતાની શોધમાં આખી પૃથ્વી ખુંદી વળીએ, તો પણ જો આપણી અંદરમાં કરુણા ન હોય તો તે પ્રાપ્ત થતી નથી. આવી કરુણા અનેક સ્તરે રહેતી ને વહેતી હોય છે. એ પોતાના દુઃખી પડોશીને મદદ કરવા માટે આતુર હોય છે. એ કુદરતી આપત્તિમાં સપડાયેલા લોકોને ઉગારવા માટે દોડી જતી હોય છે. એ કરુણાના તાર દૂર - દૂર દેશમાં આવેલા લોકોનાં દુઃખો અને મુશ્કેલીઓ જાણીને રણઝણી ઊઠે છે. કચ્છમાં ધરતીકંપ થાય કે આફ્રિકાના દેશોમાં દુષ્કાળ આવે અને દુનિયાના સેવાભાવીઓ દોડી જાય છે તે કરુણાનાં ઉદાહરણ કહેવાય.

વ્યક્તિમાં જો કરુણા જાગ્રત થાય તો એ સામાન્ય માણસોના વાસ્તવિક દુઃખની સમજ મેળવી શકે છે. માણસને પોતાની આસપાસના સમાજ ને સુખદુઃખનો ખ્યાલ હોય છે, પરંતુ જ્યારે એ સમાજના, દેશના અને ગરીબોનાં દુઃખો જુએ, ત્યારે એને સાચી પરિસ્થિતિનું જ્ઞાન થાય છે. હૃદયમાં કરુણા હોય તો જ માનવીને આવો વિચાર આવે અને એ માનવી એવા દુઃખી લોકોની મદદને માટે દોડી જાય. આવી કરુણાની આગળ નિર્દયમાં નિર્દય વ્યક્તિ પણ દ્રવિત થઈ જાય છે. કરુણા કરીને વ્યક્તિ હકીકતમાં તો બીજા પર કરુણા કરતો નથી, બલ્કે પોતાની જાત પર ઉપકાર કરે છે. એ બીજાને મદદ કરીને સંતોષ અનુભવવાને બદલે પોતાના જીવનને કંઈક અંશે બીજાને મદદરૂપ બનાવીને સાર્થક કર્યાનો સંતોષ પામી શકે છે. જે વ્યક્તિ જીવનમાં કરુણા કરતી નથી, એનો જન્મ એળે ગયો ગણાય. ■

## સામાયિક વ્રત

(પાના નં. ૨૯ પરથી ચાલુ...)

### સામાયિક દરમ્યાન શું શું કરવું જોઈએ ?

(૧) સ્વાધ્યાય કરવો જોઈએ. તેના પાંચ ભેદ છે : વાંચના પૃચ્છના, પરિયટ્ટણા (આમ્નાય), ધર્મકથા અને અનુપ્રેક્ષા છે.

(૨) વીતરાગ ભગવંતોની ભક્તિ - સ્તવન બોલવાં.

(૩) આગમ-શાસ્ત્રોનું રોજ અમુક ઘડી સુધી વાંચન અને ચિંતન કરવું જોઈએ.

(૪) સાધુ-સંતો બિરાજમાન હોય તો તેમનું વ્યાખ્યાન શ્રવણ કરવું જોઈએ.

(૫) આપણા કરતાં વિશેષ અભ્યાસી મુમુક્ષુ સાથે જ્ઞાનચર્ચા - પ્રશ્નોત્તરી કરવી જોઈએ.

(૬) નવકારમંત્ર કે ઈષ્ટમંત્રનું સ્મરણ, લોગ્ગસના પાઠથી કાઉસગ્ગથી ચિત્ત શાંતિ-સ્વસ્થતા મેળવવી.

(૭) વૈરાગ્યપ્રેરક ઉત્તમ કાવ્યો બોલવાં. અનિત્ય, અશરણ એકત્વ વગેરે બાર ભાવનાનું વર્ણન તથા કથાઓ હોય તે વાંચીને વૈરાગ્ય ભાવના ભાવવી.

(૮) ધ્યાનનો પ્રયોગ કરવો; જેમાં જડ અને ચૈતન્યની ભિન્નતાનો અભ્યાસ કરી આત્મસ્મરણ, ચિંતન, આત્મધ્યાન કરવું.

(૯) દરરોજ સામાયિક દરમ્યાન નવું નવું શીખવું અને કંઠસ્થ કરવું ખૂબ જરૂરી છે, જે વૃદ્ધાવસ્થા દરમ્યાન અને મૃત્યુ સમયે ખૂબ ઉપયોગી થશે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી અમુક પત્રો કંઠસ્થ કરવાં. આત્મસિદ્ધિ, આલોચના, ચૈત્યવંદન, પ્રતિક્રમણ, વૈરાગ્યપ્રેરક ભાવવાહી કાવ્યો, ચોવીશીના સ્તવનો, આગમ - શાસ્ત્રોની ગાથાઓ આદિ નવીન અભ્યાસ કરવાથી સામાયિક કરવાનો ઉત્સાહ રહ્યા કરશે.

(૧૦) આપણા ઘર, સગા-સંબંધી કે અન્ય બાળકોને ધાર્મિક કથાઓ દ્વારા ધર્મના સુસંસ્કાર આપવા ખૂબ જરૂરી છે. તેમને રોજ થોડીવાર આપણી સાથે સામાયિકના સમયે બેસાડી ચૈત્યવંદન, સામાયિકના પાઠ, સ્તવનો વગેરે કંઠસ્થ કરાવવાં. આજ્ઞા-ભક્તિ, ક્ષમાપના મુખપાઠ કરાવવાં.

<u>નોંધ :</u> **સામાયિકની ચોપડી ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં નિઃશુલ્ક મેળવવા સંપર્કસૂત્ર : આદ. શ્રી નયનાબેન ગિરીશભાઈ ભીમાણી**
**ફોન : (૦૨૮૧) ૬૬૨૬૮૨૧**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૨૯)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

નિશંક, નિર્ભય, નિઃસંગ, અલખના અગ્રેસર, જ્ઞાનદિવાકર પરમકૃપાળુદેવ પત્રાંક-૬૪માં અપૂર્વતા આલેખી છે, "જીવનો મુખ્ય ગુણ વા લક્ષણ છે તે 'ઉપયોગ' (કોઈ પણ વસ્તુસંબંધી લાગણી, બોધ, જ્ઞાન) અશુદ્ધ અને અપૂર્ણ ઉપયોગ જેને રહ્યો છે તે જીવ - 'વ્યવહારની અપેક્ષાએ' — આત્મા સ્વરૂપે પરમાત્મા જ છે, પણ જ્યાં સુધી સ્વસ્વરૂપ યથાર્થ સમજ્યો નથી ત્યાં સુધી (આત્મા) છદ્મસ્થ જીવ છે - પરમાત્મદશામાં આવ્યો નથી. શુદ્ધ અને સંપૂર્ણ યથાર્થ ઉપયોગ જેને રહ્યો છે તે પરમાત્મદશાને પ્રાપ્ત થયેલો આત્મા ગણાય. અશુદ્ધ ઉપયોગી હોવાથી જ આત્મા કલ્પિતજ્ઞાન (અજ્ઞાન)ને સમ્યક્જ્ઞાન માની રહ્યો છે; અને સમ્યક્જ્ઞાન વિના પુનર્જન્મનો નિશ્ચય કોઈ અંશે પણ યથાર્થ થતો નથી, અશુદ્ધ ઉપયોગ થવાનું કંઈ પણ નિમિત્ત હોવું જોઈએ. તે નિમિત્ત અનુપૂર્વીએ ચાલ્યાં આવતાં બાહ્યભાવે ગ્રહેલાં કર્મપુદ્‌ગલ છે. (તે કર્મનું યથાર્થ સ્વરૂપ સૂક્ષ્મતાથી સમજવા જેવું છે, કારણ આત્માને આવી દશા કાંઈ પણ નિમિત્તથી જ હોવી જોઈએ; અને તે નિમિત્ત જ્યાં સુધી જે પ્રકારે છે તે પ્રકારે ન સમજાય ત્યાં સુધી જે વાટે જવું છે તે વાટની નિકટતા ન થાય.) જેનું પરિણામ વિપર્યય હોય તેનો પ્રારંભ અશુદ્ધ ઉપયોગ વિના ન થાય, અને અશુદ્ધ ઉપયોગ ભૂતકાળના કંઈ પણ સંલગ્ન વિના ન થાય." શુદ્ધ ઉપયોગ - અશુદ્ધ ઉપયોગની વ્યવહારદૃષ્ટિથી ઉત્તમ સમજણ આપી છે. ગરિમાપૂર્ણ ગદ્યમાં ભાવ પ્રધાનતાથી વાતને સ્પષ્ટ કરી છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય પારગામી પ્રજ્ઞાથી પ્રયોગરૂપ પરિણમન સાધી પરમાત્મદશાને સાધક પામી શકે તેવો લઘુ પણ પરમોત્કૃષ્ટ ગ્રંથ 'સમાધિતન્ત્ર' સહજ સમાધિભાવમાં આલેખે છે. આપણે આગળ વિચાર્યું કે મારે વાતચીત કરવી છે, પણ કોની સાથે કરું ? કારણ જે રૂપી પુદ્‌ગલ પદાર્થો છે તે અચેતન છે. સર્વથા કંઈ જાણતા નથી, જે જાણવાવાળો ચૈતન્ય સ્વરૂપ આત્મા છે તે જણાતો - દેખાતો નથી. આવી સહજ સરળતાથી કહ્યું કે તારી બાહ્ય-વાચા પરંપરા નાશ પામશે. સાધકનો ઉપોગ સ્વ ભણી વળશે અને પરમાત્મા રૂપ પરિણમન થશે.

હવે શ્લોક ઓગણીસમાં શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ ! આપે બાહ્યવાચા વિરામનો ઉપાય દર્શાવ્યો; સાથે સાથે જે અભ્યન્તર વિકલ્પની પરંપરા સર્જાય છે તેને દૂર કરવાનો ઉપાય દર્શાવો. પ્રત્યુત્તરમાં પ્રકાશે છે —

**यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये ।**
**उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ॥ ॥१९॥**

**અન્વય :** अहं परैः यत् प्रतिपाद्यः परान् यत् प्रतिपादये तत् मे उन्मत्तचेष्टितं यत् अहं निर्विकल्पकः ।

**શબ્દાર્થ :** अहं – હું, परेः – બીજાઓથી, यत् प्रतिपाद्यः – જે કાંઈ (બીજાને) સમજાવવા યોગ્ય છું તથા, परान् – બીજાઓને, यत् प्रतिपादये – જે કાંઈ શીખવું, तत् – તે, मे – મારી, उन्मत्तचेष्टितं – ઉન્મત્ત(પાગલ) ચેષ્ટા છે, यत् अहं – કારણ હું, निर्विकल्पकः – વચન-વિકલ્પોથી અગ્રાહ્ય છું.

**ભાષાંતર :** હું બીજાઓથી કાંઈ શીખવવા યોગ્ય છું તથા બીજાઓને-શિષ્ય આદિને હું જે કાંઈ શીખવું, તે મારી પાગલ ચેષ્ટા છે કારણ કે હું નિર્વિકલ્પ - વિકલ્પોથી અગ્રાહ્ય છું. (આમ, પ્રયોગ કરતાં અંતરવાચા વિરામ પામે છે.)

**ભાવાર્થ :** આચાર્ય, ઉપાધ્યાય, અધ્યાપક આદિ મને જે કાંઈ શીખવે અર્થાત્ હું શીખવા યોગ્ય છું, ન સમજાય તો શાસ્ત્રજ્ઞ પાસેથી શીખવું યોગ્ય છે એવા વિકલ્પો આવે, તેમજ શિષ્ય આદિ પરિવાર હોય તેને હું શીખવું. હું શીખવું તો તે સમજે એવા વિકલ્પો તે પાગલદશા છે. કારણ કે મારું વાસ્તવિક સ્વરૂપ નિર્વિકલ્પ છે. તેમાં આ કોઈ વિકલ્પને સ્થાન નથી.

આત્માનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા છે. કોઈથી શીખવું કે કોઈને શીખવવું તે મારા સ્વભાવમાં નથી. કારણ સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવે પરિણમે છે તો કેવી રીતે હું પર દ્રવ્યનો કર્તા હોઈ શકું ? આવી રીતે અંતરવાચાનો નાશ કરવા સાધક સ્વ પરિણમન કર્યા કરે છે. **સાધક સ્વરૂપ-પ્રાપ્તિની સાધના સહજ રીતે સાધી શકે તેવો ઉપાય બતાવે છે. હું નિર્વિકલ્પ છું-આ દ્રવ્યદૃષ્ટિના સામર્થ્યથી સાધનાની સિદ્ધિ થાય છે. પ્રત્યેકે આ ભાવને સ્વ અવલોકના ગ્રહણ કરવા યોગ્ય છે.**

**વિશેષાર્થ :** શ્રી આચાર્યની વિભાવના બિન્દુમાં સિન્ધુ સમાવવાની રહી છે. બહિરાત્મભાવ ત્યજી. અંતરાત્મભાવ સજી, પરમાત્મદશાને પામી સિદ્ધત્વપદમાં સ્થિતિ થાય તે વિષયને અતિ સ્પષ્ટતાથી 'સમાધિતન્ત્ર' ગ્રંથમાં પ્રસ્તુત કરેલ છે. સાધક માટે માર્ગદર્શિકા છે.

સાધકઆત્માને સદ્ગુરુકૃપાથી સંસાર-ભવપરિભ્રમણ નાશની ભાવના જાગૃત થઈ છે - જન્મમરણનું ચક્ર ચાલ્યા જ કરે છે તે હવે વિરામ પામે એવી ઝંખના જાગી છે. અનિત્યાદિ બાર ભાવનાનું ગુંજન રહ્યા કરે છે. પરિવારના સંબંધ મોહ અને સ્વાર્થથી ભરેલા છે. તે આધિ, વ્યાધિ, ઉપાધિથી છૂટવા ઇચ્છે છે. પરિગ્રહ, આરંભ, સર્વસંગ આસ્રવરૂપ સમજાયા છે. આખા સંસારથી ઉદાસીનતા જન્મી છે. તે ઉપદેશબોધી બન્યો છે.

તેને સિદ્ધાન્તબોધ પરિણમે છે. સદ્ગુરુની નિશ્રામાં આત્મા વસ્તુ સ્વરૂપ - દ્રવ્ય - ગુણ - પર્યાયનું સ્વરૂપ સમજે છે. તે ભૂમિકાએ સાધકને અંતરવાચા ત્યાગ કેવી રીતે થાય તેનો ઉપદેશ આપે છે. સદ્ગુરુ યોગ તથા તેઓની આજ્ઞાનું સંપૂર્ણ આરાધના થતાં સાધક સ્વપુરુષાર્થથી દર્શનમોહથી મુક્ત થાય છે. અનુક્રમે ચારિત્રમોહથી મુક્ત બને છે. શિષ્ય સાધક આરાધના સાધતાં ઉચ્ચ ભૂમિકાએ પહોંચે છે, છતાં અંતરજલ્પ રહ્યા કરે છે કે હું બીજાથી કાંઈ જાણું ? બીજાથી જાણું તો જ મારી અંતરંગદશા વૃદ્ધિ પામે એવી ઇચ્છા વર્તતી હોય, અથવા મારી પાસે ક્ષયોપશમ જ્ઞાન ઘણું છે, બીજાઓને - શિષ્યાદિને શીખવું તો તેઓ વધુ જાણી શકે અને અધ્યાત્મમાં આગળ વધી શકે - આવા ભાવને આચાર્યદેવે પાગલભાવ - ઉન્મતચેષ્ટા કહી છે. તેનું કારણ સૈદ્ધાન્તિક અપાયું છે. '**अहं निर्विकल्पकः**' હું નિર્વિકલ્પ છું. તે અસ્તિત્વના પ્રદેશને સ્પર્શે છે.

૧. यत् परैः अहं प्रतिपाद्यः - હું બીજાઓથી શીખવા યોગ્ય છું. કેટલાક વ્યક્તિના મનોપ્રદેશે આ વાત વણાઈ ગઈ હોય છે કે બીજા મને શીખવે, બીજાથી જ મને સમજાય. માટે અધ્યાપક - ઉપાધ્યાય પાસેથી શાસ્ત્રો શીખું. આ પણ વિકલ્પ છે. વિપરીત માન્યતા છે. આ માન્યતાની મુક્તિ થાય તો સત્યદર્શનનો અનુભવ બની શકે છે.

૨. यत् परान् प्रतिपादये - અંતરવાચા એવી વર્તતી હોય કે હું અન્યને શીખવું. શિષ્યાદિને આ શાસ્ત્રનો અભ્યાસ કરાવું, જેથી તેઓ તે વિષયમાં પારંગત થઈ શકે. કેટલાક આચાર્યો, ઉપાધ્યાયો આ ભાવમાં રહ્યા હોય છે. ગ્રંથકાર કહે છે કે આ પ્રકારના ભાવો તે આંતરવાચા છે. બંને વાચાને છોડ્યે જ છૂટકો છે.

૩. तत् मे उन्मत्तचेष्टितं - તે મારી ઉન્મત્તચેષ્ટા - પાગલપણું છે. જ્યાં સુધી બાહ્યવાચા અને અંતરવાચા વિરામ ન પામે ત્યાં સુધી વસ્તુનો અનુભવ થઈ શકે નહિ. શ્રી આચાર્યદેવે उन्मत्तचेष्टितं શબ્દ પ્રયોગ કર્યો છે તેને સમજવા આયાસ કરીએ.

ઉન્મત્તતા બે પ્રકારની છે : (૧) શ્રદ્ધા અપેક્ષાએ, (૨) ચારિત્ર અપેક્ષાએ.

**(૧) શ્રદ્ધા અપેક્ષાએ :** 'તત્ત્વાર્થસૂત્ર'માં શ્રી ઉમાસ્વામી આચાર્યે શ્રદ્ધા અપેક્ષાએ ઉન્મત્તતા દર્શાવી છે. સત્ અને અસત્ નો ભેદ જાણતો નથી તે ઉન્મત્ત પુરુષની માફક સ્વરુચિ અનુસાર વસ્તુને સમજે છે. જેમ મદિરાના પાનથી ઉન્મત્ત થયેલો પુરુષ માતા અને પત્નીનો ભેદ જાણતો નથી - માતાને પત્ની કહે અને પત્નીને માતા કહે છે, કોઈવાર માતાને માતા અને પત્નીને પત્ની કહે છે. તે સમજપૂર્વક કહેતો નથી. તે મદિરાપાનથી પાગલ થયો છે. તેવી રીતે મિથ્યાદષ્ટિને વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી તેના વિકલ્પો વિપરીત અભિપ્રાયને કારણે ઉન્મત્તપુરુષના વચન જેવા છે.

**(૨) ચારિત્ર અપેક્ષાએ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય અંતરાત્માની ચારિત્ર અપેક્ષાએ ઉન્મત્તતા સમજાવે છે કેમ કે જ્ઞાનીને અસ્થિરતાને કારણે ભણું અને ભણાવું એવા વિકલ્પો ઉઠે છે, પણ અભિપ્રાયમાં આ વિકલ્પોનો આદર નથી તેથી ગ્રંથકારશ્રી ફરમાવે છે કે આ પ્રકારના અંતર-વાચાના વિકલ્પ હશે ત્યાં સુધી નિર્વિકલ્પ થઈ શકાશે નહિ. માટે બધા વિકલ્પને ત્યજીને વસ્તુ સ્વરૂપનો અનુભવ કર. વસ્તુસ્વરૂપ નિર્વિકલ્પક છે. આ પ્રકારના ભાવો સાધકને રહે છે તેમાંથી મુક્ત થઈ નિર્વિકલ્પ થવાય છે.

શ્રી પંચાસ્તિકાયની ટીકામાં શ્રી અમૃતચંદ્ર આચાર્ય ભવસાગર પારની વાત કરે છે, ''સાક્ષાત્ મોક્ષમાં અગ્રેસર ખરેખર વીતરાગપણું છે. તેથી ખરેખર અર્હંતાદિગત રાગને પણ, ચંદનવૃક્ષસંગત અગ્નિની માફક, દેવલોક આદિના કલેશની પ્રાપ્તિ વડે અત્યંત અંતર્દાહનું કારણ સમજીને સાક્ષાત્ મોક્ષનો અભિલાષી મહાજન સઘળાય પ્રત્યેના રાગને છોડીને, અત્યંત વીતરાગ થઈ, જેમાં બળબળતા દુ:ખસુખના કલ્લોલો ઊછળે છે, અને જે કર્માગ્નિ વડે તપ્ત, જળસમૂહની અતિશયતાથી ભયંકર છે એવા ભવસાગરને પાર ઉતરી, શુદ્ધસ્વરૂપ પરમામૃત સમુદ્રને અવગાહી શીઘ્ર નિર્વાણને પામે છે.'' મોક્ષાભિલાષી સઘળા રાગાદિનો ત્યાગ કરી આત્મપદમાં સ્થિર થાય છે તે માટે સત્પુરુષનો આશ્રય કાર્યકારી છે.

પરમકૃપાળુદેવની સાક્ષાત્ સરસ્વતી લખે છે, ''જો જ્ઞાની પુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે, તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય ? કેમ કે તે ઉપયોગના એકાગ્રપણા વિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહિ.''

ગ્રંથકારશ્રી કહે છે કે અંતરવાચાથી મુક્ત થવા અનેક આયાસો હોય છે. વૈરાગ્યભાવ, ઉપશમભાવ, સદ્ગુરુભક્તિ વગેરે હોય છે. તેની સાથે હું નિર્વિકલ્પ-વિકલ્પોથી સદા સર્વદા ભિન્ન છું એ દૃષ્ટિ આયાસના મૂળમાં હોય છે, જેથી આત્મદશા બની રહે છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેનની સમાધિભાષા છે, ''ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને ! આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ. એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ.''

શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિશતક'માં સારભૂત આત્મપ્રાપ્તિને લાઘવ શૈલીથી પ્રગટ કરે છે. આત્મદર્શનમાં બાધક થતાં પરિબળોને સુગમ દૃષ્ટિથી દર્શાવી સાધક લક્ષસિદ્ધિ વરે તેની સરળ, સુગમ છતાં ગહન દૃષ્ટિ આપે છે. **(ક્રમશઃ)**

● ● ●

# સદ્‌ગૃહસ્થની આચારસંહિતા

**('વૈષ્ણવજન તો તેને રે કહીએ'ના આધારે)**

**(ક્રમાંક - ૩)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

### તૃષ્ણા ત્યાગી :

આ ચરણમાં સંત તુલસીદાસજીનું દૃષ્ટાંત લીધું છે. (સંવત ૧૫૫૪ થી ૧૬૮૦) ગૃહસ્થાવસ્થામાં સંત તુલસીદાસ પત્ની રત્નાવલી પ્રત્યે ઘણા મોહાસક્ત હતા. પત્નીથી અળગા રહેવાનું તેમનાથી શક્ય નહોતું.

એક વેળા તેમના પત્ની પિયર ગયા ત્યારે તેઓ પણ તેમની પાછળ ઘેલા બની ઘણા વરસાદમાં નદી ઓળંગી તેમને મળવા ગયા. તેમના સુશીલ પત્નીને આ ગમ્યું નહીં, તેથી તેમને માર્મિક વચનો સંભળાવ્યા.

"હાડમાંસ કી મમ દેહ પર જિતની પ્રીતિ,<br>
તિસુ આધી જો રામ પ્રતિ, અવસિ મિટહિ ભવભીતિ !"

આ સાંભળી તુલસીદાસજીને બરાબર ચોટ લાગી, પૂર્વના સંસ્કાર જાગી ગયા. તેમને પોતાના સાચા સ્વરૂપનું અને સત્યધર્મનું ભાન થયું. તેઓએ સર્વ તૃષ્ણાનો ત્યાગ કરી દીધો અને ઘણી તીર્થયાત્રાઓ કરી. સમાજની સંસ્કૃતિથી વિમુખ દશા જોઈ તેઓ દુઃખિત થઈ ગયા અને સમાજની સ્થિતિ સુધારવા રામ-કથા કરવામાં ઓતપ્રોત બની ગયા.

### પરસ્ત્રી જેને માત રે :

આ ચરણના દૃષ્ટાંત તરીકે ભગવાન શ્રી રામનું જીવન કહી શકાય. તેઓ એક આદર્શ પુત્ર, આદર્શ ભાઈ, આદર્શ રાજા અને આદર્શ પતિ હતા. તેમનું એકપત્નીવ્રત, એક બાણ અને એક વચન જગ-પસિદ્ધ છે. મહાસતી સીતાજીને લોકાપવાદથી વનવાસમાં મોકલ્યા પછી તેઓએ અશ્વમેઘ યજ્ઞ કર્યો, જેમાં પત્ની તરીકે સીતાજીની સોનાની મૂર્તિ બનાવીને બેસાડી એકપત્નીવ્રત નિભાવ્યું તથા બીજી સ્ત્રીઓને દીકરી, બહેન અને માતા તરીકે સ્વીકારી.

### જિહ્વા થકી અસત્ય ન બોલે :

સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર તથા શ્રી પાંડુપુત્ર યુધિષ્ઠિર સત્યવચન માટે સુપ્રસિદ્ધ છે.

વિશ્વામિત્ર ઋષિએ રાજા હરિશ્ચંદ્રની સત્યવાદિતાની આકરી કસોટી કરી. હરિશ્ચંદ્રે રાજ્ય-વૈભવ છોડી દીધા. પત્ની તથા પુત્રને પણ વેચી દીધા અને પોતે ચંડાલને ત્યાં ચાકર તરીકે વેચાયા. ઘણા દુઃખો સહન કર્યા, પણ સત્ય ન છોડ્યું.

ગાંધીજીએ પોતાની આત્મકથામાં લખ્યું છે, "હરિશ્ચંદ્ર નાટક જોતાં હું થાકું જ નહીં. એ ફરીફરી જોવાનું મન થાય. મારા મનમાં એ નાટક સેંકડો વખતે મેં ભજવ્યું હશે. હરિશ્ચંદ્રના સ્વપ્નાં આવે. હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાય ? એ ધૂન ચાલી. હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવવી ને સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય. મારે મન હરિશ્ચંદ્ર આજે પણ જીવતા છે."

એવી જ રીતે જ્યારે ગુરુ દ્રોણાચાર્યે કૌરવો તથા પાંડવોને સત્યનો પાઠ ભણાવ્યો. જ્યારે યુધિષ્ઠિરે પોતાના જીવનમાં સત્ય ઉતાર્યું ત્યારે જ કહ્યું કે હવે મને સત્યનો પાઠ આવડી ગયો છે.

### પરધન નવ ઝાલે હાથ રે...

છત્રપતિ શિવાજીના ગુરુ સમર્થ રામદાસ સ્વામી અકિંચનધારી મહર્ષિ હતા. શિવાજીએ ગુરુ રામદાસને ભિક્ષા માગતા જોઈ એમની ઝોળીમાં એક ચિઠ્ઠી લખીને નાખી. એમાં લખ્યું હતું, 'મારું

સમગ્ર રાજ્ય આપના ચરણોમાં સમર્પણ કરું છું. આપ માલિક હું દાસ.' ગુરુ તેમની સાથે શિવાજીને ભિક્ષા માગવા લઈ ગયા. ભિક્ષા લીધા પછી શ્રી ગુરુએ કહ્યું, "શિવાજી હવે આ રાજ્ય મારું છે, પણ મારા વતી એનો ભાર ઉપાડવા હું તને આજ્ઞા કરું છું. લે આ ઉત્તરીય, તેનો તું ધ્વજ બનાવજે." એમ કહી વસ્ત્ર આપ્યું.

સ્વામી રામદાસ મોટા કવિ-સંત હતા. તેમનો 'દાસબોધ' અને 'મના વે શ્લોક' - આ રચનાઓ બહુ જાણીતી છે.

## મોહ માયા વ્યાપે નહીં જેને...

સંત કવયિત્રી મીરાંબાઈ રાજકુંવરી હતા અને રાજવધૂ બન્યા તો પણ સંસારની માયાથી અલિપ્ત રહ્યા હતા. તેઓ રાજમહેલમાં પણ ભક્તો અને સંતોની વચ્ચે જીવતાં હતાં. આવું વર્તન સાસરિયાંને ન ગમ્યું. પતિના મૃત્યુ પછી તેમના દિયર રાણાજીએ ભક્તિ છોડાવવા મીરાંબાઈ ઉપર દુઃખનો વરસાદ વરસાવ્યો. ઝેરનો પ્યાલો મોકલ્યો - તે પણ ગટગટાવી ગયા, પણ કૃષ્ણભક્તિમાંથી ચલિત ન થયા.

'મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ.'

શ્રીકૃષ્ણપ્રેમના બળે તેઓ મેવાડ છોડી વૃંદાવન આવી વસ્યા અને ત્યાંથી દ્વારકા ગયા.

## દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે...

શ્રી રામકૃષ્ણ પરમહંસનો દૃઢ વૈરાગ્ય જગપ્રસિદ્ધ છે.

બંગાળના પરમભક્ત શ્રી રામકૃષ્ણ પરમહંસ જળકમળવત્ નિર્લેપ, નિઃસ્પૃહી સંત હતા. તેઓને વારંવાર સમાધિ લાગી જતી. મા શારદામણિ સાથે લગ્ન કર્યાં છતાં આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું. મા શારદામણિદેવીને તેમના દૃઢ વૈરાગ્યનો પરિચય થયો, તેમને ઓળખી ગયા અને તેઓ પણ ભક્ત બની ગયા. તેમના પ્રબુદ્ધ શિષ્ય વિવેકાનંદજીએ સારીયે દુનિયામાં તેમનું નામ રોશન કર્યું.

## રામનામ શું તાળી રે લાગી...

હરિકીર્તનમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુનું નામ મોખરે છે. (ઈ.સ.૧૪૮૬ થી ઈ.સ.૧૫૩૪) તેઓ અતિભક્ત હૃદયી હતા. તેઓ ભક્તિરસમાં એટલા મસ્ત બની જતા કે એક પાગલની પેઠે નાચી ઊઠતા.

તેઓ સદાય ભાવમય રહેતા. તેમના શરીરનું પણ તેમને ભાન રહેતું નહીં. તેઓ ભિક્ષામાં લોકો પાસે માગતા કે તમે સૌ શ્રીકૃષ્ણને કદી ભૂલતા નહીં. તેઓ ગૃહસ્થ હતા પણ પ્રભુભક્તિમાં એવા લીન બની ગયા કે જેથી ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસી બની ગયા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં હરિનામની ધૂન મચી જતી.

"હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે,
હરે રામ હરે રામ રામ રામ હરે હરે."

આ તેમની પ્રસિદ્ધ ધૂન હતી. તેઓ કીર્તન કરતાં કરતાં બેભાન થઈ જતાં અને ધરતી પર ઢળી પડતા.

## સકળ તીરથ તેના તનમાં રે...

મિથિલાના રાજ જનક દેહ હોવા છતાં વિદેહી કહેવાતા. તેઓ રાજવૈભવ વચ્ચે રહેવા છતાં નિઃસ્પૃહી હતા. તેમના રોમ રોમમાં જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યનો સમન્વય હતો. તેથી તેઓ જીવન્મુકત અવસ્થામાં જ જીવતા. તેમનો રાજદરબાર જ્ઞાનીઓ, ઋષિઓ, મુનિઓ તથા સાધુ-સંન્યાસીઓ માટે તીર્થ સમાન હતો.

શ્રી વેદવ્યાસજીએ તેમના વીતરાગી મહાસંન્યાસી એવા તેમના પુત્ર શુકદેવજીને જનક-રાજા પાસે પરાવિદ્યા પ્રાપ્ત કરવા મોકલ્યા હતા.

શ્રી અષ્ટાવક્ર ઋષિ જનકરાજાના ગુરુ હતા.

આવા મહાન ધર્માત્માને ત્યાં મહાસતી સીતાજીનું અવતરણ થયું હતું.

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

## ૨૨મા તીર્થંકર
## શ્રી નેમિનાથ જિનસ્તવન પ્રારંભ

**ભૂમિકા :** યોગીશ્વર આનંદઘનજીના સ્તવનો તેમની પરમાત્મા પ્રત્યેની અનન્ય, નિષ્ઠાવંત અને તાત્ત્વિક ભક્તિના ફળસ્વરૂપે રચાયા છે. પહેલા જ સ્તવનમાં ઋષભદેવને પ્રિયતમ બનાવી પ્રેમસંબંધ બાંધ્યો અને ત્યારપછી વિવિધ સ્તવનોમાં ભક્તિના માધ્યમથી ઉત્તમ તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતબોધ પણ પીરસ્યા, જેમાં દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ અને ચરણાનુયોગ ગુંથાયેલા હતા. હવે પહેલીવાર આ શ્રી નેમિનાથ સ્તવનમાં કથાનુયોગનો આશ્રય લઈ આનંદઘનજી પોતાના પ્રભુપ્રેમને પુષ્ટ કરે છે.

તે કથા છે જૈન ઇતિહાસમાં અથવા તો તીર્થંકર ચરિત્રોમાં અત્યંત પ્રચલિત બે પાત્રો - નેમ અને રાજુલ - જેમનું ચરિત્ર સર્વ મોક્ષાભિલાષીઓને અત્યંત પ્રેરણાદાયક અને આદર્શરૂપ બન્યું છે.

નેમ-રાજુલનો આઠ-આઠ ભવોનો પતિ-પત્ની તરીકેનો સંબંધ હવે શ્રી નેમિનાથ તીર્થંકરના ભવમાં સમાપ્તિને પામે છે. લૌકિક મોહજનિત પ્રેમની દિશા વળાંક લઈને હવે શુદ્ધાત્મા, પરમાત્મા તરફના વિશુદ્ધ પ્રેમ તરફ વળે છે. આ ભવમાં પણ સગપણ તો થાય છે. પછી લગ્ન માટે પ્રભુ જુનાગઢ તરફ જાન લઈને જાય છે ત્યારે નેમિકુમારને વૈરાગ્ય ઉપજાવવાના હેતુથી તેમના પિતરાઈ ભાઈ શ્રીકૃષ્ણ દ્વારા રચાયેલા પશુઓના બંધન અને આક્રંદની લીલા, તેનું નિમિત્ત પામી શ્રી નેમિકુમારનો વૈરાગ્ય, અને રથ પાછો વાળવાની આજ્ઞા કરી દીક્ષા માટે ગિરનાર તરફ પ્રયાણ - આ સર્વે પ્રસંગોનું વિસ્તૃત આલેખન કથાનુયોગના ગ્રંથોમાંથી મળી રહેશે.

આનંદઘનજીએ આખી કથાના વિસ્તારમાં ન જતાં માત્ર નેમિનાથનો દીક્ષા માટે રથ પાછો ફરતાં રાજેમતીનો જે વાચાળ પ્રતિસાદ, એટલા જ ભાગને આ સ્તવનમાં આવરી લીધો છે. પ્રયોજન એ છે કે રાજેમતીના પહેલા આવેશપૂર્ણ ઉદ્‌ગારો અને પછી વિવેક જાગૃત થતાં ભક્તિસભર ઉદ્‌ગારોનો ઉલ્લેખ કરીને આનંદઘનજીને મોહજનિત અપ્રશસ્ત રાગ, સાત્ત્વિક પ્રેમરૂપ પ્રશસ્ત રાગ અને તે બંનેથી પાર જઈને વીતરાગભાવના દર્શન કરાવવા છે, જેમાંથી પ્રેરણા લઈને કોઈપણ સાધકને વીતરાગ-વિજ્ઞાનની શ્રદ્ધા દૃઢ થાય કે જીવની બંધ-મોક્ષની સમસ્ત વ્યવસ્થાનો આધાર જીવની પોતાની અશુદ્ધ કે શુદ્ધ ભાવદશા ઉપર જ છે.

રાજુલદેવીના પ્રતિભાવો રજૂ કરતું સ્તવન શરૂ કરીએ તે પહેલા બે વાત વિચારવા જેવી છે. પહેલું એ કે ઘણાને પ્રશ્ન થાય કે જેઓ તે જ ભવે તીર્થંકર થવાના છે, તેમના લગ્નપ્રસંગે માંસાહાર માટે પશુબંધનની વાત કઈ રીતે સંભવે ? તેનું સમાધાન દિગંબર આમ્નાયની કથામાં મળે છે કે નેમિનાથના પિતરાઈભાઈ શ્રીકૃષ્ણ, જેઓ ત્રણ ખંડના અધિપતિ હતા, તેમણે નેમિકુમારને લગ્ન પહેલાં જ વૈરાગ્ય ઉપજાવવા માટે આ પશુઓના બંધનની યુક્તિ રચી હતી, જેમાં પશુવધનો કે માંસાહારનો કોઈ આશય નહોતો. પણ તેમને એવો થોડો ભય હતો કે તીર્થંકરનો જીવ એટલો શક્તિશાળી અને પુણ્યશાળી હોય છે કે લગ્ન પછી પોતાની રાજ્યસત્તા કદાચ તેમના હાથમાં જતી રહે તો ? પણ નેમિકુમારે અવધિજ્ઞાનથી શ્રીકૃષ્ણના મનની વાત જાણી લીધી અને સ્વાર્થપૂર્ણ સંસારની અસારતા જોઈ અને પશુઓના આક્રંદનું નિમિત્ત પામી તુરત સંસારત્યાગનો નિર્ણય લીધો.

બીજો પ્રશ્ન એમ થાય કે આઠ-આઠ ભવો સુધી આમ બે જીવનો મેળાપ અને પ્રેમસંબંધનો યોગ કઈ રીતે બની શકે ? કારણ કે આનંદઘનજીએ પહેલા જ સ્તવનમાં કહ્યું હતું કે, "એ મેળો નવિ કહિયે સંભવે રે, મેળો ઠામ ન ઠાય." પણ ત્યાં વાત સંસારના પતિ-પત્નીના સ્વાર્થસંબંધની હતી, જ્યાં વાસનાપૂર્તિ, અપેક્ષાઓ અને અહંકારને લીધે બંનેના એવા વિષમ પરિણામ હોય છે કે ભવોભવ સાથે રહે એવું ઠામ કે ઠેકાણું રહેતું નથી. અહીં તો સમસ્ત જગતને આદર્શરૂપ રામ-સીતા જેવી નેમ-રાજુલની જોડી હતી, જ્યાં માત્ર નામ પૂરતો લૌકિક પ્રેમ, પણ મુખ્યપણે તો મનનો મેળાપ, નિઃસ્વાર્થ સાત્ત્વિક પ્રેમ, બંનેની વીતરાગ ધર્મ પ્રત્યેની એકસરખી રુચિ અને ભક્તિ, આદિ અનેકાનેક સમભાવી ગુણોથી પુણ્યકર્મો પણ એવા બંધાણા કે આટલા ભવો સુધી સહધર્મી પતિ-પત્ની થવાનો યોગ બન્યો.

આઠ ભવોનો સંબંધ (જેમાં અનુક્રમે ચાર ભવ દેવલોકના અને ચાર ભવ મનુષ્યલોકના) અને હવે જે તીર્થંકર થશે તેવા પતિ સાથે ફરી સગપણ બંધાતા રાજેમતીના હર્ષનો પાર નથી. સ્વાભાવિક છે કે આવા પતિ પરમેશ્વર પ્રત્યે તેમને અત્યંત રાગ પ્રવર્તે છે. તેથી પોતાના મહેલના ઝરૂખામાં બેસી નેમિકુમારના જાનના આગમનની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરે છે, પણ નેમિનાથનો રથ પાછો ફરતાં જુએ છે અને તેમના વૈરાગ્ય અને મહાભિનિષ્ક્રમણના સમાચાર મળતાં મોહગર્ભિત રાગને લીધે અત્યંત આઘાત લાગે છે. પોતાના પ્રાણનાથનો હવે કાયમનો વિયોગ થશે એમ જાણી શોકમાં દિગ્મૂઢ થઈ જાય છે. વિવેક ઉપર મોહનું આવરણ છવાઈ જતાં તેમનું હૃદય નેમિનાથનો આ નિર્ણય કોઈ રીતે સ્વીકારી શકતું નથી. અને તેથી અનેક પ્રકારે વિનંતી, ફરિયાદ અને તે કામ ન કરતાં કટાક્ષ, ઓલંભડા, તર્ક આદિ યેન-કેન પ્રકારોથી નેમિનાથને સંસારમાં પાછા વાળવા પ્રયાસ કરે છે.

તે હવે આનંદઘનજીના શબ્દોમાં જોઈએ,

**અષ્ટભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ, મનરાવાલા;**
**મુક્તિ સ્ત્રીશું આપણે રે, સગપણ કોઈન કામ. મ.૧**

**શબ્દાર્થ :** હે મનના વહાલા, આઠ ભવોથી હું તમારી વહાલી રહી છું અને તમે મારા આત્મામાં નિરંતર રમનાર આતમરામ, પતિદેવ થયા છો. તો હવે આપણે મુક્તિરૂપી સ્ત્રી સાથે સગપણ બાંધવાનું કોઈ પ્રયોજન નથી. (અષ્ટભવાંતર = આઠ ભવોથી; વાલહી = વહાલી, પ્રેમિકા; આતમરામ = મારા આત્મામાં રમનાર; મનરાવાલા = મનના વહાલા, પ્રિયતમ; મુક્તિ સ્ત્રીશું = મોક્ષરૂપી સ્ત્રી સાથે)

**ભાવાર્થ :** રાજેમતી (રાજુલ) સૌ પ્રથમ તો 'અષ્ટભવાંતર' - આઠ ભવથી ચાલ્યા આવતા પ્રેમની યાદ દેવડાવે છે, જે આ ભવે પણ સગપણ થતાં ચાલુ રહ્યો છે. આ પૂર્વોના દેવ અને મનુષ્યના ભવોના કરોડો વર્ષોનો ગાઢ પ્રેમસંબંધ યાદ આવતાં કદાચિત્ નેમકુમાર પીગળીને પાછા ફરી તેને અપનાવી લ્યે. તેથી કહે છે, હે મનરાવાલા ! હે મારા મનના વહાલા પ્રિયતમ ! આપણો ભવોભવનો આવો સંબંધ કોરે મૂકીને આપને મુક્તિસ્ત્રીને વરવાની શું ઘેલછા લાગી છે ? મુક્તિસ્ત્રી સાથેના સગપણનું આપણે કોઈ કામ નથી, તે વ્યર્થ છે. મુક્તિરૂપી સુંદરીનો પ્રેમ ભવોભવના આપણા પ્રેમની તોલે આવે તેમ નથી. વળી, મુક્તિસ્ત્રીનું સુખ તો હજુ તમે અનુભવ્યું પણ નથી અને આપણા આઠ ભવોના પ્રેમનું સુખ તો તમે પ્રત્યક્ષપણે અનુભવ્યું છે. તો તમારા જેવા ચતુર પુરુષે પ્રત્યક્ષ સુખ મૂકીને મુક્તિના અગમ્ય સુખ તરફ શા માટે જવું જોઈએ ?

જુઓ, મોહના આવરણથી રાજેમતી એ ભૂલી જાય છે કે તે આઠેય ભવોમાં જન્મ-મરણ અને સંયોગ-વિયોગના દુઃખ તો ભોગવવા જ પડેલા. જે કંઈ સુખ હતા તે ઇન્દ્રિયજનિત, ક્ષણિક સુખાભાસ જ હતાં. મુક્તિસ્ત્રીને વરવાથી તો નેમિનાથ 'સાદિ

અનંત અનંત' સમાધિસુખ ભોગવવાના છે. (મુક્તિ સ્ત્રી અને લૌકિક સ્ત્રી વચ્ચેની સુંદર તુલના શ્રી ગુણભદ્રાચાર્યે 'શ્રી આત્માનુશાસન' ગ્રંથના શ્લોક - ૧૨૮માં કરી છે) મોહને વશ થઈ રાજેમતી હવે વિનંતી કરે છે :

**ઘર આવો હો વાલમ ઘર આવો, મારી આશાના વિશરામ, મ.**
**રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ. મ.૨**

**ભાવાર્થ :** હે વાલમ, હે પ્રિયતમ્ ! આપ મારી સર્વ આશાઓનું વિશ્રામસ્થાન છો. અનાદિકાળથી સર્વ પરદ્રવ્યોમાંથી સુખ મેળવવાની મારી આશાની આંધળી દોટને હવે મહાપુણ્યયોગે આપના ચરણોમાં વિશ્રામ લેવાનું સ્થાન મળ્યું છે, તો આપ કૃપા કરી આવા ઉત્તમ યોગને નિષ્ફળ ન બનાવો.

રથને પાછો ફેરવી હે સાજન ! મારા ઘરે આવો અને લગ્ન કરી આપની ધર્મપત્ની બનવાના મારા મનોરથને પૂર્ણ કરો. પણ જ્યાં સર્વ આશાઓ સંપૂર્ણ પરિતૃપ્તપણામાં વિલીન થઈ જાય છે એવી મુક્તિસ્ત્રીમાં જ જેને પોતાના અનંત સુખનું વિશ્રામસ્થાન દેખાય છે, તેવા નેમિનાથ હવે સંસાર તરફ પાછું વાળીને જુએ જ ક્યાંથી ?

તેથી રાજેમતી હવે બીજો તર્ક રજૂ કરે છે :

**નારી પખો શો નેહલો રે, સાચ કહે જગનાથ, મ.**
**ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ.૩**

**શબ્દાર્થ :** હે જગનાથ ! સાચું કહેજો કે શું નારી પક્ષેથી થતો એકપક્ષી પ્રેમ યોગ્ય છે ? મહાદેવ જેવા ઈશ્વરે પણ પાર્વતીને પોતાના અર્ધા અંગમાં ધારણ કરી છે અને તમે તો મારો હાથ પણ ઝાલતા નથી ! (પખો = પક્ષથી; નેહલો = સ્નેહ, પ્રેમ)

**ભાવાર્થ :** નેમનાથ તીર્થંકર થઈ ત્રિલોકનાથ થશે એ વાત તો રાજેમતીને સુવિદિત છે, તેથી જગનાથ કહીને સંબોધે છે. કહે છે, હે જગનાથ ! તમે જ સાચું કહો કે માત્ર સ્ત્રી તરફથી સ્નેહ હોય અને તેનો પુરુષ તે પ્રેમની અવગણના કરે તો એવા એકપક્ષી, એકતરફી પ્રેમનું શું મૂલ્ય ? કંઈ જ નહીં, તેથી જ જગતમાં જે ઈશ્વર ગણાય છે તેવા મહાદેવે પણ પાર્વતીને પોતાના અર્ધાંગમાં ધારણ કરી પોતાનો પ્રેમ પ્રગટ કર્યો છે. જગતમાં નારી તે પુરુષની અર્ધાંગિની ગણાય છે અને તમે તો આ સર્વ તથ્યની ઉપેક્ષા કરી લગ્ન કરી મારો હાથ પણ પકડવા તૈયાર નથી. તે આપના જેવા મહાપુરુષને માટે યોગ્ય નથી.

**પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર; મ.**
**માણસની કરુણા નહીં રે, એ કુણ ઘર આચાર. મ.૪**

**ભાવાર્થ :** નેમનાથ મચક નથી આપતા એમ જાણી રાજેમતી હવે પ્રભુનો જ એક ઉત્તમ ગુણ 'કરુણા' ને દાવ પર લગાવી નેમનાથને પીગળાવવાની કોશિશ કરે છે કે હે મનરાવાલા ! તમે તો કરુણાના સાગર છો. તેથી પશુઓનો ચિત્કાર સાંભળી તમારા હૃદયમાં તેમના પ્રત્યે કરુણાનો વિચાર આવ્યો અને તેથી તેમનો વધ થતો અટકાવ્યો. તો મારા જેવા મનુષ્ય ઉપર કરુણા કરી મને જીવનસાથી બનાવવામાં કેમ પાછીપાની કરો છો ? પશુઓ ઉપર કરુણા કરવી અને તેનાથી વધુ વિકસિત મનુષ્ય જે વધુ કરુણાને પાત્ર છે, તેનો વિચાર સુદ્ધાં ન કરવો, એ વળી કયા ઘરનો આચાર છે ? રાજેમતી અત્યારે તો નેમનાથના વિયોગમાં સ્વાભાવિક રીતે જ મોહથી આચ્છાદિત ભાવદશામાં એ ભૂલી જાય છે કે નેમનાથ તો હવે તીર્થંકર થવા નીકળ્યા છે, જેમને "સર્વજંતુ હિતકરણી કરુણા" છે. તે કોઈ વ્યક્તિવિશેષ ઉપર શા માટે રાગયુક્ત કરુણા કરે ? તેમને તો સર્વ જીવમુક્તિને પામે એવી ત્રિલોકવ્યાપી કરુણા છે. રાજેમતીને લગ્ન કરી બંધનમાં નથી નાખવા માગતા એ જ તો એમની કરુણા છે ! પરંતુ અચાનક આઘાતજનક બનાવ બનવાથી રાજેમતી થોડા વિવેકહીન થયા છે, તેથી બીજા તર્ક રજૂ કરે છે,

**પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ ધતૂર; મ.**
**ચતુરાઈરો કુણ કહો રે, ગુરુ મિલિયો જગસુર. મ.૫**

**શબ્દાર્થ :** પ્રેમરૂપી કલ્પવૃક્ષને છેદીને તમે યોગરૂપ ધતૂરાને ધારણ કર્યો. કહો તો ખરા કે આવી (ઊંધી) ચતુરાઈ શીખવનાર કયો બાહોશ ગુરુ તમને મળી ગયો ? (કલ્પતરુ = કલ્પવૃક્ષ; છેદિયો = કાપી નાખ્યો; ધરિયો = ધારણ કર્યો, લીધો; જોગ = યોગ, સંયમ; ધતૂર = ધતૂરો, એક ઝેરી છોડ; કુણ = કોણ; જગસુર = જગતમાં બહાદુર, શૂરવીર)

**ભાવાર્થ :** આઠ ભવોથી આપણા બંનેની મનોવાંછના પૂર્ણ કરનાર એવા કલ્પવૃક્ષ જેવા પ્રેમસંબંધને છોડીને તમે ધતૂરો, જે એક ઝેરી તુચ્છ છોડ છે - તે ધતૂરા જેવો કષ્ટદાયક યોગમાર્ગ, સંયમમાર્ગ કે જે ઉપસર્ગ અને ૨૨ પ્રકારના પરિષહોથી ભરેલો છે - તેને અપનાવ્યો. આ તો મૂર્ખામી કહેવાય. પણ તેને પણ ચતુરાઈ ગણાવે એવા કયા પાખંડી પણ જગતમાં શૂરવીર (જગસૂર) ગણાય તેવા ગુરુ તમને મળી ગયા કે જે તમને આમ અવળે રસ્તે દોરી ગયા ? યોગમાર્ગના સમાધિસુખને ભુલાવી તેને કષ્ટદાયક ઠરાવીને રાજેમતી આ રીતે નેમનાથને પાછા વાળવા પ્રયત્ન કરે છે. આગળ શું કહે છે તે જોઈએ,

**મારું તો એમાં કયુંહી નહીં રે, આપ વિચારો રાજ; મ.**
**રાજસભામાં બેસતાં રે, કિસડી બધસી લાજ. મ.૬**

**શબ્દાર્થ :** મારું તો એમાં કશું જતું નથી, પણ હે રાજન્ ! આપ જ વિચારી જુઓ કે રાજસભામાં બેસતાં કોની આબરૂ વધશે ? (ક્યુંહી નહીં = કંઈ જ નથી; કિસડી = કોની; બધસી = વધશે; લાજ = આબરૂ, શોભા)

**ભાવાર્થ :** રાજેમતીને રથ પાછો વળતાં હજુ એવી ખાતરી નથી થઈ કે નેમનાથ હવે સીધા દીક્ષા લેવા જઈ રહ્યાં છે. રાજેમતીના મનમાં થોડી એવી આશંકા હશે કે નેમનાથ પશુબંધનના નિમિત્તથી આંશિક વૈરાગ્ય પામી લગ્નના બંધનમાં ન પડતાં બ્રહ્મચારી રહી રાજપાટ ભોગવવા માગે છે. તેથી માત્ર લગ્નથી પાછા ફરે છે, નહીં કે રાજપાટથી. તેથી હવે પોતાના સ્વાર્થની વાત બાજુએ મૂકી એવો તર્ક રજૂ કરે છે કે જ્યારે આપ રાજસભામાં બેસશો ત્યારે તમારી લાજ, આબરૂ કઈ રીતે વધશે ? સર્વગુણસંપન્ન સ્ત્રીને ત્યાગીને આપ રાજસભામાં બેઠા છો તે તમને શોભતું નથી એમ સર્વ સભાજનો પૂછશે ત્યારે તમારી લાજ વધશે કે ઘટશે ? મારું તો આમાં કંઈ જતું નથી, પણ તમારી જ લાજ જશે અને આપ હાંસીપાત્ર બનશો. એનો હે રાજન ! જરા વિચાર તો કરો.

**પ્રેમ કરે જગ જન સહુ રે, નિર્વાહે તે ઓર; મ.**
**પ્રીત કરીને છોડી દે રે, તે શું ન ચાલે જોર. મ.૭**

**ભાવાર્થ :** હવે રાજેમતી થોડુ મેણું મારીને નેમનાથને ચળાવવા પ્રયત્ન કરે છે. કહે છે, જગતમાં પ્રેમ તો સર્વ જન કરે છે, પરંતુ તે પ્રેમને ટકાવી રાખે (નિર્વાહે) તેવો પુરુષ કોઈ ઓર જ છે. તે કોઈ જુદી માટીનો વિરલ પુરુષ જ હોય. કારણ કે પ્રેમ કરવો એક વાત છે અને તેને ટકાવી રાખવો તે બીજી વાત જે કોઈ વીરલા પુરુષ જ કરી શકે. પણ તમે તેમાંના નથી. આઠ-આઠ ભવોનો પ્રેમ અંતે તો તરછોડી ચાલ્યા જાવ છો. પ્રીત કરીને છોડી દે તેવા લાગણીહીન પુરુષ પાસે મારા જેવી અબળાનું જોર ચાલે નહીં. માટે જો આપણા પૂર્વના પ્રેમને આપ નિભાવી તે વીરલ પુરુષમાં ગણાવા માગતા હો તો હે મનરાવાલા ! રથ પાછો ફેરવી મારી સાથે લગ્નથી જોડાઓ !

આવા બીજા અનેક તર્ક, પ્રલોભનો રાજેમતી આપે છે છતાં પ્રભુ મેરુની જેમ અડગ રહે છે તે વિશેષપણે આવતા અંકમાં આપણે જોઈશું. **(ક્રમશઃ)**

**સમસ્ત પરસંયોગ તથા સંયોગીભાવ ક્ષણિક છે. એક આત્મા જ નિત્ય છે.**

# શ્રી ભક્તામર સ્તોત્ર
**(ક્રમાંક - ૧૧)**

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**પ્રભુના લોકોત્તર ગુણો - કેવળદર્શન / કેવળજ્ઞાન**

● **મૂળ શ્લોક : ગાથા - ૧૭** (વસંતતિલકા)


**नास्तं कदाचिदुपयासि न राहुगम्यः,**
**स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।**
**नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः**
**सूर्यातिशायिमहिमासि मुनीन्द्र ! लोके ॥१७॥**

● **શબ્દાર્થ :** (त्वम् - તમે), न - નહિ, अस्तं - અસ્ત, આથમવું, कदाचित् - કદી પણ, उपयासि - પામે છે, न राहुगम्यः असि - રાહુ વડે ગ્રહાતો નથી, स्पष्टीकरोषि - સ્પષ્ટ કરો છો, सहसा - શીઘ્ર, જલ્દી, युगपत् - એક સાથે, जगन्ति - (ત્રણ) જગતોને, ભુવનોને, न - નથી, अम्भोधरोदर - વાદળાઓના સમૂહ વચ્ચે, निरुद्ध - અટકી ગયો છે, महाप्रभावः - મહા પ્રભાવ, सूर्य - સૂર્ય કરતા, अतिशायि - વિશેષ છે જેનો, महिमा - મહિમાવાળા, असि - છો, मुनीन्द्र - હે મુનીશ્વર, लोके - લોકને વિશે, આ જગતમાં.

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) **:**

**જેને રાહુ કદી નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,**
**આપે સૌને પ્રભુરૂપ રવિ તેજ લોકો મહીં જે;**
**જેની કાંતિ કદી નવ હણે વાદળાઓ સમીપે,**
**એવો કોઈ અભિનવ રવિ આપનો નાથ દીપે.(૧૭)**

● **ભાવાર્થ :** હે મુનીન્દ્ર ! (હે જિનેશ્વર દેવ !) આ લોકમાં આપનો મહિમા (તેજ) સૂર્યથી પણ અધિક છે. (કારણ કે કેવળદર્શન / કેવળજ્ઞાન રૂપ ભાનુ ઉગ્યા પછી) તે કદાપિ અસ્ત થતો નથી. ક્યારેય રાહુથી ગ્રસ્ત થતો નથી. એક જ સમયે તત્કાળ



સમસ્ત જગતને પ્રકાશિત કરે છે. વળી, ઘટાદાર મેઘના મધ્યભાગથી (કાળા વાદળોથી) પણ તમારો મહાપ્રભાવ (તેજ) રોકાતો નથી.

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્રી ભક્તામર સ્તોત્રમાં માનતુંગાચાર્યની પ્રભુભક્તિ અને સ્તુતિનું પ્રયોજન અને પ્રવાહ અત્યાર સુધીમાં કાંઈક આ પ્રમાણે રહ્યા છે :

શ્લોક - ૧ : ઋષભદેવ પ્રભુને નમસ્કાર

શ્લોક - ૨ : પ્રભુની સ્તુતિ કરવાનો સંકલ્પ

૩ થી ૬ : પોતાની લઘુતા સાથે પ્રભુસ્તુતિ માટેનો અપૂર્વ ઉલ્લાસ. બાળક, ભવસમુદ્ર, હરણી અને કોયલના દૃષ્ટાંતો.

૭ થી ૧૦ : પ્રભુસ્તુતિનું પરિણામ અને ફળ - પાપોનો નાશ, અપૂર્વ આનંદ, નામ સ્મરણથી વિશુદ્ધિ અને પ્રભુતુલ્ય. સૂર્ય કિરણો, ઝાકળબિંદુ, કમળનો વિકાસ અને સ્વામી સેવાના દૃષ્ટાંતો.

૧૧ થી ૧૪ : ભગવાનની બહિરંગ દશા - રૂપ, શરીર, મુખ અને ત્રિલોક યશ. ક્ષીરસમુદ્ર, શાંતરસ પરમાણુઓ, ચંદ્ર અને લોકવ્યાપી ગુણોના દૃષ્ટાંતો.

૧૫ થી ૧૮ : ભગવાનની અંતરંગ દશા - નિર્વિકારતા, કેવળજ્ઞાન, તેજપ્રભાવ અને અલૌકિકતા. મેરુ, દીપક, સૂર્ય અને ચંદ્રના દૃષ્ટાંતો.

માનતુંગાચાર્ય ૧૧મા શ્લોકથી એક પછી એક ઉપમા સાથે આદિનાથ પ્રભુની સરખામણી કરીને ઉપમાન (જગતની વસ્તુઓ અને પ્રકૃતિ) કરતા ઉપમેયને (આદિનાથ પ્રભુના લોકોત્તર ગુણો) વિશિષ્ટ સાબિત કરે છે. જુઓ, ભગવાનના ભક્તને જગતની કોઈ ચીજ પરમાત્માથી અધિક નથી લાગતી. ૧૬મા શ્લોકમાં પ્રભુના કેવળજ્ઞાનને દીપક સાથે સરખાવીને તેને ચડિયાતુ બતાવ્યું છે. આ ૧૭મા શ્લોકમાં પ્રભુના (કેવળદર્શન/કેવળજ્ઞાન) તેજને સૂર્ય સાથે સરખાવી તેનાથી વિશેષ ગણાવ્યું છે. આમ, અલંકારિક રચના દ્વારા પ્રભુના લોકોત્તર ગુણોની સ્તવના કરી છે. સૂર્યને નડતા વિઘ્નો (અસ્ત, રાહુ, વાદળા, પરિમિત ક્ષેત્ર) બતાવી પ્રભુના તેજને તેનાથી પર બતાવી તેની વિશેષતા સિદ્ધ કરી છે. આમ, ચંદ્ર, સૂર્ય કે દીપક એ બધાયથી પાર કોઈ અદ્ભુત આશ્ચર્યકારી પ્રભુનું કેવળજ્ઞાન છે.

આચાર્યશ્રીના સમયમાં તે વખતે લોકરૂઢિ એવી હતી કે મનુષ્યો જગતમાં સૂર્યને મહાન દેવ માની તેને વંદે-પૂજે તથા તેની સ્તુતિ કરતા હતા. પરંતુ સ્તોત્રકાર સૂરિજી કહે છે કે શ્રી જિનેશ્વરદેવના પ્રભાવ આગળ સૂર્યની (તેના તેજની) કોઈ વિસાત નથી. કારણ કે (૧) સાંજ પડતા સૂર્ય અસ્ત પામે છે, જ્યારે પ્રભુનો કેવળદર્શન/કેવળજ્ઞાનરૂપી સૂર્ય ક્યારેય અસ્ત પામતો નથી, (૨) અમુક વખતે (અમાસના દિવસે) રાહુ વડે સૂર્યનું ગ્રહણ થઈ જાય છે, જ્યારે પ્રભુના કેવળજ્ઞાનને કોઈ અંતરાય કે ક્ષય ક્યારેય નથી, તથા સંસારની કોઈ વાસના કે ઈચ્છા તેમને ગ્રસતી નથી. તેઓ નિર્વિકાર અને અનંત સિદ્ધિ સંપન્ન છે. (૩) આકાશમાં ઘનઘોર કાળા વાદળાઓ ચડી આવે ત્યારે સૂર્ય નિસ્તેજ થઈ જાય છે, જ્યારે પ્રભુના કેવળજ્ઞાનને કોઈ આવરણ કદાપિ નથી અને (૪) સૂર્ય સર્વ સ્થળોને એક સાથે પ્રકાશિત કરી શકતો નથી, જ્યારે પ્રભુનું કેવળદર્શન/કેવળજ્ઞાન ત્રણેય જગતને તત્કાલ એક સાથે પ્રકાશિત કરે છે.

અહીં પ્રભુના તેજને પહેલા સૂર્ય જેવું ગણાવીને, પછી સૂર્યથી પણ વિશિષ્ટ, ઉત્તમ દર્શાવેલ છે. પ્રભુનું તેજ ત્રણેય જગતને કઈ બે અપેક્ષાએ પ્રકાશિત કરે છે તે જરા વિચારીએ. પહેલા તો પ્રભુના કેવળજ્ઞાનમાં ત્રણે લોક (આમ તો અનંતા લોકાલોક) ઝળકે છે. તેથી ત્રણે લોક (જ્ઞેય) પ્રકાશિત થાય છે (જ્ઞાનમાં જણાય છે). બીજુ, પ્રભુ સર્વ જીવોને શાંતિ માટે ઉત્તમ અમોઘ નિમિત્ત છે. જે કોઈ જીવ જિનેશ્વર પ્રભુને સ્મરે તેના આત્માને યથોચિત શાંતિ મળે છે. આ શાંતિ કોઈ પણ જીવ વિના અપવાદે/ભેદભાવે લઈ શકે છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના અને ચારે ગતિના જીવો પ્રભુના આશ્રયે પોતાના સંસારતાપ હળવા કરે છે. સૂર્ય તો જગતને આતાપ કરનારો છે, પરંતુ હે જ્ઞાનસૂર્ય ! આપનું જ્ઞાનતેજ તો જગતને અપૂર્વ શાંતિ દેનાર અને આતાપ હરનારું છે.

સૂર્ય અંધકારનો નાશ અમુક સમય માટે જ (માત્ર દિવસે જ) કરી શકે છે. તે જ રીતે, સૂર્ય જે બીજા લાભ કરે છે, જેમ કે ગંદકી સૂકવે છે, રોગના જીવાણુઓનો નાશ કરે છે વગેરે પણ મર્યાદિત સમય માટે અને દિવસે જ કરી શકે છે, જ્યારે પ્રભુના

તેજને અંધકારનો - અજ્ઞાનનો નાશ કરવા માટે કોઈ આવરણ નડતું નથી, કોઈ સમયમર્યાદા નથી. પ્રભુના પરોપકારને આવરે એવો કોઈ રાહુ છે નહીં.

સૂર્યને અટકાવતું પહેલું તત્ત્વ રાત્રિ છે. તો દિવસના ભાગમાં આંતરો પાડતું બીજું તત્ત્વ છે વાદળા. વર્ષાઋતુમાં વાદળાઓ, દરિયાકિનારે કે ઠંડા પ્રદેશોમાં ધુમ્મસ તથા શહેરી વાતાવરણમાં ધુમાડો અને ધુમાડા સાથે ધુમ્મસ મળતા બનતો ધુમાસ (Smog = Smoke + Fog) સૂર્યના તેજને આંતરીને તેને નિસ્તેજ કરે છે. સૂર્યના પ્રકાશને તો લાકડાના પાટિયા વગેરે રોકે છે, જ્યારે પ્રભુના જ્ઞાનપ્રકાશને તો લોખંડની દીવાલો પણ રોકી શકતી નથી. પ્રભુના તેજરૂપી જ્ઞાનભાનુને કાંઈ નડતું નથી. તે જ્યારે આત્મા અજવાળવા લાગે છે ત્યારે કોઈ વાદળ, ધુમાડો, ધુમ્મસ, પાટિયા, દીવાલો આડા આવતા નથી. એટલે કે પૂર્વકર્મ ગમે તેટલા બળવાન હોય અને જીવને છૂટવાનો આરો જણાતો ન હોય એવા સમયે પણ જીવ પ્રભુના શરણે જઈ તેમનો સહારો લઈ આગળ વધવા ઇચ્છે અને યથાર્થ પુરુષાર્થ કરે તો તે ત્વરાથી આગળ વધી શકે છે. આમ, પ્રભુનો તેજરૂપી સૂર્ય કોઈ પણ પ્રકારના વિઘ્નથી પર રહી સતત ત્રણેય લોકના જીવોના પાપ દૂર કરવાનું કાર્ય કરી શકે છે (નિમિત્ત અપેક્ષાએ) અને એ જ એની અભિનવતા છે.

સૂર્ય જેમ અંધકાર, ગંદકી, રોગ વગેરે અનિષ્ટો દૂર કરવાનું મુખ્ય નિમિત્ત છે, તેમ પ્રુભુનું જ્ઞાનતેજ પણ અજ્ઞાનરૂપી અંધકાર, રાગદ્વેષરૂપી ગંદકી, કર્મરૂપી ભવરોગ આદિ અનિષ્ટો દૂર કરવાનું ઉત્તમોત્તમ નિમિત્ત છે. એ કાર્યની સમાનતાએ માનતુંગાચાર્યે પ્રભુના જ્ઞાનતેજને પહેલા સૂર્ય સાથે સરખાવ્યું છે તે યોગ્ય છે. અલબત્ત, **"આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા"** કહ્યા પછી આચાર્યશ્રીએ પ્રભુના તેજરૂપી કૈવલ્યભાનુને અનેક પ્રકારે ચડિયાતો (સૂર્યના ઘણા દૂષણો/ખામીઓ રહિત) સિદ્ધ કરીને સૂર્યને અતિક્રમીને તેને ધૂળધાણી કરી મૂક્યો છે ! માટે ઓ મુનિઓના રાજા (જિનેન્દ્ર) ! તને સૂરજ સાથે શેં સરખાવવો ? સૂરજ તો રોજ ઊગે તો પણ રોજ આથમે ય ખરો. જ્યારે તું તો તારા કેવળદર્શન/કેવળજ્ઞાનથી સદાય વિશ્વગગનમાં ઊગતો અને ચમકતો. ક્યારેય તારા જ્ઞાનનું તેજ ઝાંખુ પણ ન થાય તો આથમવાની તો વાત જ ક્યાં રહી ? આ સૂરજ તો ધીમે ધીમે દુનિયાના થોડા થોડા ભાગને પ્રકાશે છે જ્યારે મારા ઈષ્ટદેવ ! તું તો કેવળજ્ઞાનની એક જ 'સમય'ની પર્યાયથી સર્વ લોકાલોકને પ્રકાશિત કરી દે છે. (આંખના એક પલકારામાં અબજોથી વધુ 'સમય' રહેલા છે.) આ જંબુદ્વીપમાં બે સૂર્ય ને બે ચંદ્ર છે, પણ તેઓ એક જંબુદ્વીપને ય પૂરો પ્રકાશિત કરી શકતા નથી. ત્યારે સર્વજ્ઞ પ્રભુનું કેવળજ્ઞાન તો એક સાથે જગતના (લોકાલોકના) બધા પદાર્થોને 'ક્ષણ' માત્રમાં પ્રકાશે છે. ઊંડી ગુફા કે જીવના અરૂપી ભાવોમાં તો સૂર્યનો પ્રકાશ પહોંચતો નથી, પરંતુ જગતમાં કોઈ સ્થાન કે કોઈ ક્ષેત્ર એવું નથી કે જ્યાં પ્રભુના જ્ઞાનસૂર્યનો પ્રકાશ ન પહોંચે. સૂર્ય તો માત્ર રૂપીને જ પ્રકાશે છે, જ્યારે પ્રભુનું કેવળદર્શન/કેવળજ્ઞાન ત્રણે કાળના તમામ રૂપી અને અરૂપી પદાર્થો તથા ભાવોને પ્રકાશે છે. આમ, પ્રભુનું જ્ઞાનતેજ અબાધિત સર્વકાળ માટે છે તેથી તે આધારભૂત અને પ્રમાણભૂત છે.

અત્રે પ્રભુના કેવળદર્શનની મહત્તા બતાવી છે. દર્શન એટલે સામાન્ય પ્રકારે જોવું (નિરાકાર ઉપયોગ) અને જોયેલી વસ્તુને વિશેષે જાણવી (સાકાર ઉપયોગ) તેને જ્ઞાન કહ્યું છે. જેમ કે સવાર થતા ટેબલ પર પડેલા પુસ્તકો આદિ બધી વસ્તુને જોઈએ તે દર્શન થયું કહેવાય અને બારીકાઈથી જોવાથી જાણીએ કે આ તો તત્ત્વાર્થ-સૂત્ર આદિગ્રંથો છે તે જ્ઞાન થયું કહેવાય.

કેવળદર્શન થવાથી લોકાલોકમાં રહેલા સર્વ પદાર્થોના ભાવ-સ્વભાવને તીર્થંકર પ્રભુ સ્પષ્ટ રીતે દેખે છે. તેથી કેવળદર્શનની સરખામણી સૂર્ય કે જે જગતના દ્રવ્ય અંધકારને દૂર કરે છે તેની સાથે કરી

છે. કેમ કે મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી ભાવઅંધકાર નષ્ટ પામે ત્યારે જ સમ્યગ્દર્શન પ્રગટે છે અને સમ્યગ્દર્શન જ કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ અનંત ચતુષ્ટયને પ્રગટાવવામાં પાયારૂપ છે. આચાર્યશ્રીને લાગે છે કે જગતમાં સૌથી શ્રેષ્ઠ ઉપમા તો સ્થુળપણે જોતા સૂર્યની જ છે. અલબત્ત, સૂક્ષ્મતાથી જોતા (ઉદય-અસ્ત, ગ્રહણ, વાદળા, ક્ષેત્ર) સૂર્યની ઉપમા પણ પ્રભુના કેવળદર્શન / કેવળજ્ઞાનને ન્યાય આપી શકતી નથી. લોગસ્સ સૂત્રમાં સ્તુતિ કરતા કહે છે કે **'આઈચ્ચેસુ અહિયં પયાસયરા'** એટલે કે તીર્થંકરો અને કેવળી ભગવંતો આદિત્ય - સૂર્ય કરતા પણ અધિક પ્રકાશ કરનારા છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના કેશી-ગૌતમીય અધ્યાય ૨૩ની ગાથા ૭૮માં કેશી સ્વામીના પ્રશ્નના જવાબમાં ગૌતમ ગણધર આવા જ ભાવે કહે છેઃ

**ઉગ્ગઓ ખીણસંસારો, સવ્વણ્ણુ જિણેભક્ખરો ।**
**સો કરિસ્સઈ ઉજ્જોયં, સવ્વલોયમ્મિ પાણીણં ॥(૭૮)**

એટલે કે, સંસારરૂપી અંધકારનો સંપૂર્ણ નાશ કરીને જેનો ઉદય થયો છે તે સર્વજ્ઞ જિન સૂર્ય (ભાસ્કર-ભક્ખરો) છે. તે લોકના સર્વ જીવોને પ્રકાશ આપશે.

આ ભક્તામર સ્તોત્રમાં સ્તુતિ તો ઋષભદેવ ભગવાનની છે, પણ જેનામાં આવું દિવ્યજ્ઞાન હોય તે બધાય સર્વજ્ઞ ભગવંતોની ગુણસ્તુતિ આમાં સમાઈ જાય છે. આવા ગુણવાળા અનંત તીર્થંકરો-અરિહંતો થયા ને અનંતા થશે. અત્યારે પણ આવા લાખો સર્વજ્ઞ ભગવંતો પાંચેય મહાવિદેહ ક્ષેત્રોમાં વિચરી રહ્યા છે. તે પ્રભુની પ્રભુતાને ઓળખતા (જાણી-સમજી-વેદન કરતા) જીવને સમ્યક્ત્વ ને ભેદજ્ઞાન (સ્વ-પરનું, દેહ-આત્માનું, હેય-ઉપાદેયનું) થઈ જાય છે. ભગવાન જેવા જ્ઞાનાનંદ સ્વભાવની પ્રતીતિ અને પ્રીતિ કરે તે જ જીવ ભગવાનનો પરમાર્થથી ભક્ત હોઈ શકે છે. સર્વજ્ઞ-સ્વભાવની પ્રીતિ-પ્રતીતિ કરતા (જુઓ 'સમાધિશતક' ગાથાઓ ૯૫-૯૬) ઇંદ્રિયો - રાગ કે સંયોગોની પ્રીતિ છૂટી જાય છે. તેથી તે જીવને કુંદકુંદાચાર્ય સમયસાર ગાથા - ૩૧માં 'જિતેંદ્રિય' કહે છે,

**જીતી ઇંદ્રિયો જ્ઞાન સ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિશે સ્થિત સાધુઓ ભાખે જિતેંદ્રિય તેહને. (૩૧)**

પૂજ્ય સુનંદાબહેન વોહોરા, સર્વજ્ઞ અને કેવળજ્ઞાનની પોતાની શ્રદ્ધાને દૃઢ કરતા, તેમના સ્વાધ્યાયમાં અવારનવાર કહે છે કે અનંતા કેવળી પ્રભુના કેવળજ્ઞાનમાં ત્રણ લોકના સર્વ પદાર્થો અને ત્રિકાળી બનાવો જેમ ઝળકી રહ્યા છે તેમ જ જગત અને જીવનમાં બધુ બની રહ્યું છે. આવી ક્રમબદ્ધ પર્યાયની અને સર્વજ્ઞતાની શ્રદ્ધાથી આકુળતા દૂર થઈને સમ્યગ્દર્શનનું બીજ રોપાય છે.

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ પત્રાંક - ૩૦૧માં આ જ વાત કહેલ છે કે, **"જે થાય તે યોગ્ય જ માનવામાં આવે."** સંતો અને જ્ઞાનીઓ પણ આ જ ભાવને પોત-પોતાના શબ્દોમાં દેશ-કાળ-પાત્રતા અનુસાર વ્યક્ત કરે છે કે **'બને તે ન્યાય'**, **'ભોગવે એની ભૂલ'** અને **'શાંત ભાવે સ્વીકાર'**.

સાધક કહે છે : હે જગતના અદ્વિતીય સૂર્ય ! જિનેશ્વર પ્રભુ ! ભક્તિ કરતા કરતા આપના માર્ગે અમે ચાલી રહ્યા છીએ. અમારા અંતરમાં અમે એવી દૃઢ ભક્તિથી આપને વસાવ્યા છે કે તેમાં હવે સંસારનો ભય નથી. જ્યાં ભગવાન વસ્યા ત્યાં ભય કે ભવ કેવા ? આવી ભક્તિ કરનારા જીવને ભવિષ્યમાં સાક્ષાત્ ભગવાનનો ભેટો થશે ને તે પોતે પણ ભગવાન થઈ જશે (જુઓ 'ભક્તામર' શ્લોક - ૧૦).

સર્વ જીવ પ્રભુના અલૌકિક કેવળજ્ઞાનમાં શ્રદ્ધા રાખીને, ગુરુઆજ્ઞાએ યથાર્થ પુરુષાર્થ કરીને જલ્દી જલ્દી સમક્તિ અને પરંપરાએ મોક્ષ પામે તેવી મંગલ ભાવના સાથે, જિનાજ્ઞાથી કંઈ પણ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે - ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

# સમ્યક્જ્ઞાન

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

મતિજ્ઞાનના અંતર્ગત ચાર પ્રકારની વિશિષ્ટ બુદ્ધિઓની પણ ગણના થાય છે. આ વિશિષ્ટ બુદ્ધિઓની વિશેષતા એ છે કે અદૃષ્ટ (દેખ્યા વગરના) અને અનનુભૂત (અનુભવ કર્યા વગરના) પદાર્થને પણ તે જાણી લે છે. બીજી વિશેષતા એ છે કે આ બુદ્ધિઓ શાસ્ત્રાભ્યાસ કે વિદ્યાભ્યાસથી પ્રાપ્ત થતી નથી. પ્રસંગવશ આ બુદ્ધિઓની પણ આપણે સામાન્ય જાણકારી કરી લઇશું.

**[૧] ઔત્પત્તિક બુદ્ધિ :-**

આ બુદ્ધિ પૂર્વમાં જે પદાર્થ કે કાર્યના વિષયને સાંભળ્યો ન હોય, ન ક્યારેય જોયો હોય, પહેલી વાર જ જે કાર્ય કરવાનું હોય છે તેને પણ પોતાની વિશિષ્ટ ક્ષયોપશમશક્તિથી કરી લે છે. ઉદાહરણાર્થ - એક રાજાએ પોતાની સભામાં કહ્યું કે એકલા કૂકડાની લડાઇ દેખાડો, ત્યારે રોહક નામનાં મંત્રીએ એક કૂકડાને દર્પણની સામે રાખી દીધો. દર્પણમાં બીજો કૂકડો છે એમ સમજીને કૂકડા સાથે તે લડવા લાગ્યો. રોહકે આવી લડાઇ ન તો પહેલા દેખી હતી, ન તો સાંભળી હતી, તો પણ પોતાની વિશિષ્ટ બુદ્ધિશક્તિથી તરત જ તે કાર્ય કરી બતાવ્યું. આને જ ઔત્પત્તિક બુદ્ધિ કહે છે.

**[૨] વૈનયિક બુદ્ધિ :-**

મોટાનો વિનય, વડીલોની સેવા - સુશ્રૂષા, ગુરુઓનો વિશિષ્ટ વિનય, તેમની સેવા-સુશ્રૂષા આદિ કરવાથી આ બુદ્ધિનો વિકાસ થાય છે. વિનય, સેવા આદિથી સાધકનું હૃદય એટલું પવિત્ર તથા નિર્મળ થઇ જાય છે કે જ્ઞાન તથા વીર્યના ક્ષયોપશમમાં વિઘ્ન કરનાર કર્મપુદ્ગલોનો વિલય થઇ જાય છે; જેનાથી સાધક અદૃષ્ટ અને અનનુભૂત પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. ઉ.દા. મુનિ ચન્દ્રગુપ્ત મૌર્યને ૧૨ વર્ષ સુધી પોતાના ગુરુ ભદ્રબાહુની અખંડ સેવાથી આ પ્રકારની બુદ્ધિની પ્રાપ્તિ થઇ હતી એમ કહેવાય છે.

**[૩] કાર્મિક બુદ્ધિ :-**

આ બુદ્ધિ કાર્ય કરતા-કરતા સ્વયંના અનુભવથી ઉત્પન્ન થાય છે. આમાં વ્યક્તિ કાર્યનો અભ્યાસ કરતાં કરતાં સ્વયં જ કોઇ શિક્ષક કે શાસ્ત્રજ્ઞાન વિના વિશિષ્ટ કર્મક્ષયોપશમથી આગળના કાર્યની પ્રક્રિયા, તત્સંબંધી સાધનો, ઉપાયો ઇત્યાદિ પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. દા.ત. સોની પોતાના બાળકને સુવર્ણ અસલી છે કે નકલી તેનો ભેદ પહેલા બતાવતો નથી, કામ કરતા-કરતા તે બાળક સ્વયં જ શીખી જાય છે. સાધનામાર્ગમાં પણ જે વ્યક્તિ માર્ગની વિકટતા, અનભિજ્ઞતા આદિથી કરીને સાધના કરતા નથી કાં તો છોડી દે છે તેમના માટે આ બુદ્ધિશક્તિ પ્રેરણા બની શકે છે. આ બુદ્ધિ કહે છે કે તમે સાધના કરતા જાઓ (જિનઆજ્ઞાનુસાર) ભીતરનો માર્ગ સ્વયં જ સ્પષ્ટ થતો જશે.

**[૪] પારિણામિક બુદ્ધિ :-**

આમાં અનુમાન, તર્ક, રૂપક, ઉપમા આદિના માધ્યમથી સાધક પદાર્થના વિશિષ્ટ પરિણામો કે અવસ્થાઓને જાણી લે છે, જે અદૃષ્ટ તથા અનનુભૂત હોય છે. જેમ કે સાધક વર્તમાન પરિણામોને જોઇને કે પરખીને આગામી

પરિણામોને તર્ક કે અનુમાન દ્વારા જાણી લે છે અને સાધનાની સાચી દિશામાં આગળ વધતો જાય છે. અંતરંગ પારિણામિક સાધનામાં આ બુદ્ધિ અતિ ઉપયોગી સિદ્ધ થાય છે. વિદ્યા (અભ્યાસ), બુદ્ધિ અને આયુના વિકાસની સાથે-સાથે પારિણામિક બુદ્ધિનો પણ વિકાસ થતો જાય છે. આ રીતે આ મતિજ્ઞાનનું સંક્ષેપ વિવેચન થયું. હવે, આગળ જ્ઞાનનો બીજો ભેદ શ્રુતજ્ઞાન વિશે સામાન્ય વિવરણ કરીશું.

## ૨. શ્રુતજ્ઞાન

મતિજ્ઞાન દ્વારા જાણેલા પદાર્થને શ્રુતજ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ થવાથી ઈન્દ્રિયો તથા મનની સહાયતાથી વિશેષ રૂપથી જાણવું તેને શ્રુતજ્ઞાન કહેવાય છે.

### ★ શ્રુતજ્ઞાનનું સ્વરૂપ તથા પ્રવૃત્તિ :-

શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે અર્થાત્ મતિજ્ઞાનના નિમિત્તથી શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. સર્વપ્રથમ પાંચ ઇન્દ્રિય અને મન આમાંથી કોઇ એકના નિમિત્તથી કોઈપણ વસ્તુનું મતિજ્ઞાન થાય છે. તદન્તર આ મતિજ્ઞાનપૂર્વક તે જ્ઞાત થયેલી વસ્તુના વિષયમાં કે તેના સંબંધથી અન્ય વસ્તુના વિષયમાં વિશેષ ચિન્તન આરંભ થાય છે. આને શ્રુતજ્ઞાન કહેવાય છે. મનનો વિષય શ્રુત છે અને શ્રુતનો અર્થ શબ્દ, સંકેત આદિના માધ્યમથી થતું જ્ઞાન છે. મનનો વ્યાપાર અર્થાવગ્રહથી આરંભ થાય છે. પદાર્થની સાથે સંબંધ થતાં જ પદાર્થને જાણી લે છે. તેથી આને વ્યંજનાગ્રહ અર્થાત્ પદાર્થની વ્યાપ્યકારિતા, વ્યક્તતા અને સ્પૃષ્ટતાની આવશ્યકતા રહેતી નથી. ઈન્દ્રિયોની સાથે મનનો સંબંધ હોય છે અને મન શબ્દ-સંકેત આદિના માધ્યમથી શ્રુતને ગ્રહણ કરે છે. શબ્દ કાન દ્વારા સંભળાય છે પરંતુ અર્થબોધ મન દ્વારા થાય છે. ગાડીનું સિગનલ ડાઉન થવું - આ ચક્ષુનો વિષય છે પણ આ કઇ વાતનો સંકેત છે તેને આંખો જાણતી નથી. તેના સંકેતને સમજવા તે મનનું કાર્ય છે અને આ જ શ્રુતજ્ઞાનનો વિષય છે. સંક્ષેપમાં એવું કહી શકાય કે મતિજ્ઞાન માત્ર પદાર્થનો બોધ કરાવે છે, પરંતુ શ્રુતજ્ઞાન પદાર્થના અર્થનો બોધ કરાવે છે. જેમ કે આત્મા નામક શબ્દને ગ્રહણ કરવો તે મતિજ્ઞાનનો વિષય છે અને આત્મા શું છે ? તેનું સ્વરૂપ શું છે ? આત્મભાવ શું છે ? એ બધું સમજવું શ્રુતજ્ઞાનનો વિષય છે અને આ પ્રકારનું વિકલ્પાત્મક જ્ઞાન મન વિના સંભવ નથી. તેથી શ્રુતને મનનો વિષય કહ્યો છે. જો કે મતિજ્ઞાનમાં પણ મનની જરૂર હોય છે. પરંતુ શ્રુતજ્ઞાનમાં મનની જરૂર વિશેષરૂપથી હોય છે. માટે તત્ત્વાર્થસૂત્રમાં શ્રીમદ્ ઉમાસ્વામી આચાર્યએ ''श्रुतमनिन्द्रियस्य'' અર્થાત્ શ્રુત અનિન્દ્રિયનો અર્થાત્ મનનો વિષય છે એમ કહ્યું છે. શ્રુતજ્ઞાન પદાર્થોના સ્વરૂપને સમજવા માટે અતિ ઉત્તમ સાધન છે, માટે આ જ્ઞાન સાધનાનો આધાર છે :

### ★ શ્રુતજ્ઞાનના ભેદ-પ્રભેદ :-

પ્રધાનતાથી શ્રુતજ્ઞાનના બે ભેદ છે : (૧) અક્ષરાત્મક, (૨) અનઅક્ષરાત્મક :- જેમાં પદાર્થનું જ્ઞાન અક્ષરોના રૂપમાં થતું નથી તેને અનઅક્ષરાત્મક શ્રુતજ્ઞાન કહે છે. જેમકે પક્ષીઓ - પશુઓના અવાજો ઈત્યાદિ. આ જ્ઞાન એકેન્દ્રિયથી લઇને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીનાને થઇ શકે છે. વર્ણમાળાના અક્ષરોના માધ્યમથી જે પદાર્થોનું જ્ઞાન થાય છે તેને અક્ષરાત્મક શ્રુતજ્ઞાન કહે છે. જેમ કે આર્ય તથા મ્લેચ્છ મનુષ્યો દ્વારા બોલાતી ભાષાઓથી પદાર્થને જાણવો. આ જ્ઞાન માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ હોય છે. અક્ષરાત્મક શ્રુતજ્ઞાનના બે ભેદ છે : (૧) અંગબાહ્ય તથા (૨) અંગપ્રવિષ્ટ. દ્વાદશાંગીના સિવાય જે

કંઇ પણ જ્ઞાન છે તે બધું અંગબાહ્યમાં તથા દ્વાદશાંગીના જ્ઞાનને અંગપ્રવિષ્ટજ્ઞાન કહેવાય છે. પ્રસંગોપાત અતિસંક્ષેપમાં આનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું અનાવશ્યક નથી કારણ કે તેનું સ્વરૂપ જાણવાથી આપણને જ્ઞાનીઓ તથા કેવળજ્ઞાની ઉપર અહોભાવ અવશ્ય આવે જ છે.

★ **અંગબાહ્યના ભેદ :-**

અંગબાહ્ય જ્ઞાનના કુલ ૧૪ ભેદ છે, જે નિમ્નલિખિત છે :

**[૧] સામાયિક :-**

આમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ છ પદ્ધતિઓથી સમતાભાવના વિધાનનું વર્ણન છે.

**[૨] ચતુર્વિશંતિસ્તવ :-**

૨૪ તીર્થંકરોના નામ, અવગાહના, કલ્યાણક, અતિશય તથા તેમની વંદનાની વિધિ અને ફળનું આમાં વર્ણન છે.

**[૩] વંદના :-**

આમાં જિનેન્દ્રદેવ તથા જિનાલયની વંદનાની વિધિનું વર્ણન છે.

**[૪] પ્રતિક્રમણ :-**

આમાં દેવસિય, રાઈય, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક, ઈર્યાપથિક તથા ઔત્તમાર્થિક - આ સાત પ્રકારના પ્રતિક્રમણોનો સમય તથા શક્તિ અનુસાર કરવાની વિધિનું વર્ણન છે.

**[૫] વૈનયિક :-**

આ અંગમાં જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય તથા ઉપચાર વિનય - આ ચાર પ્રકારના વિનયોનું વર્ણન છે.

**[૬] કૃતિકર્મ :-**

આમાં પંચપરમેષ્ઠિ ભગવંતોની પૂજાવિધિનું વર્ણન છે.

**[૭] દશવૈકાલિક :-**

આમાં દશ વિશિષ્ટ કાળમાં થનારી વિશેષતા અને મુનિઓના આચરણની વિધિ છે.

**[૮] ઉત્તરાધ્યયન :-**

કેવી રીતે ઉપસર્ગ તથા પરિષહ સહન કરવા તે સંબંધી અનેક પ્રશ્નોના જવાબ આમાં આપ્યા છે.

**[૯] કલ્પ્ય વ્યવહાર :-**

મુનિઓને યોગ્ય વ્યવહારને કલ્પ્ય કહેવાય છે. આમાં સાધુઓને યોગ્ય વ્યવહારનું વર્ણન છે.

**[૧૦] કલ્પ્યાકલ્પ :-**

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર મુનિઓ માટે શું યોગ્ય છે, શું અયોગ્ય છે તે વિધિથી કલ્પ્ય તથા અકલ્પ્યોનું આ શ્રુતાંગમાં વર્ણન છે.

**[૧૧] મહાકલ્પ્ય :-**

કાળ અને સહનનની પ્રધાનતાથી સાધુઓને યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર આદિનું વર્ણન આ શ્રુતાંગમાં છે.

**[૧૨] પુંડરિક :-**

આ શ્રુતાંગમાં ભવનવાસી આદિ ચાર પ્રકારના દેવોમાં ઉત્પત્તિના કારણરૂપ પૂજા, દાન, તપ, વ્રત આદિ અનુષ્ઠાનોનું વર્ણન છે.

**[૧૩] મહાપુંડરિક :-**

આ શ્રુતાંગમાં ઈન્દ્રો તથા પ્રતિઈન્દ્રોમાં ઉત્પત્તિના કારણભૂત વિશિષ્ટ તપોના અનુષ્ઠાનનું વર્ણન છે.

**[૧૪] નિષિદ્ધિકા :-**

દોષોના નિરાકરણમાં સમર્થ અનેક પ્રકારના પ્રાયશ્ચિત્તોનું વર્ણન નિષિદ્ધિકા નામના બાહ્યશ્રુંતાગમાં છે. **(ક્રમશઃ)**

**પુણ્યના ઉદયને પોતાના પુરુષાર્થથી થયેલું માની લેવું એ જીવની સૌથી મોટી નબળાઈ છે. ઉદયાધીન દૃષ્ટિ છોડીને સ્વભાવ તરફ દૃષ્ટિ કરવી એ ધર્મનો મર્મ છે.**

# વીર્યશક્તિ (૬)

વલભજી હીરજી 'કેવલ'

આત્મામાં સામર્થ્યથી તો અનંતશક્તિ છે, ને સંખ્યાએ પણ અનંત શક્તિઓ છે. જ્ઞાનમાત્ર આત્માને સ્વસન્મુખી જ્ઞાનલક્ષણ વડે અનુભવમાં લેતાં, જ્ઞાન સાથે આનંદ, પ્રભુતા, વીર્ય, અસ્તિત્વ વગેરે અનંતધર્મો સહિત આત્મા અનુભવમાં આવે છે. આત્માની અનંતશક્તિઓમાં ૪૭ મુખ્ય શક્તિઓ છે. આપણે જીવત્વશક્તિ, ચિતિશક્તિ, દશિશક્તિ, જ્ઞાનશક્તિ, સુખશક્તિ વિશે જાણ્યું. હવે આપણે વીર્યશક્તિ વિશે જાણીએ.

જ્ઞાનમાત્ર આત્મા પોતાના સ્વરૂપને પામે એવી વીર્યશક્તિ તેનામાં છે. પોતાના નિર્મળજ્ઞાન, નિર્મળશ્રદ્ધા આનંદ વગેરે અનંતગુણોની નિર્મળ પર્યાયોને રચે એવું વીર્યશક્તિનું સામર્થ્ય છે. આત્માની વીર્યશક્તિ તેના સર્વગુણોમાં વ્યાપક છે. એટલે જ્ઞાનની રચનારૂપ જ્ઞાનવીર્ય, આનંદની રચનારૂપ આનંદવીર્ય, સમ્યક્ત્વની રચનારૂપ શ્રદ્ધાવીર્ય એમ અનંતગુણની રચનારૂપ અનંત વીર્યશક્તિ આત્મામાં છે. આ વીર્યશક્તિ આત્માના અસંખ્યાત પ્રદેશમાં વ્યાપક છે. આત્માનો અસંખ્યાત પ્રદેશ તે સ્વ-દેશ છે. રાગાદિ પુણ્ય-પાપના ભાવ તે પર-દેશ છે. આત્માનું સ્વ-ક્ષેત્ર સ્વભાવથી વીર્યશક્તિથી ભરપૂર અતીન્દ્રિય જ્ઞાન અને આનંદરૂપ જ્ઞાન અને આનંદનો પાક નીપજે છે. જ્યારે સ્વસ્વરૂપનો અંતરંગમાં અંતર્મુખ થઈ સ્વીકાર કરે ત્યારે સ્વસ્વરૂપની રચના કરનારું વીર્ય સહજ સ્ફુરાયમાન થાય છે અને સાથે નિજ જ્ઞાનાનંદ સ્વભાવના જ્ઞાન-શ્રદ્ધાન ઉદય પામે છે. તે સમયે પ્રગટ થતા અતીન્દ્રિય આનંદનું શું કહેવું ! આવો અતીન્દ્રિયજ્ઞાન અને આનંદનો પાક પાકે એવું આત્માનું સ્વક્ષેત્ર છે.

આત્મા પોતે જ પોતાના સ્વવીર્યથી ષટ્કારકરૂપ થઈને પોતાની સમ્યગ્દર્શનાદિરૂપ નિર્મળ પર્યાયોને રચે છે. સમ્યગ્દર્શનથી માંડી સિદ્ધિપદ સુધીની નિર્મળ પર્યાયને રચનારો પોતે જ અનંત શક્તિમાન ઈશ્વર છે. આવી આત્મામાં સર્વજ્ઞશક્તિ છે ને સાથે વીર્યશક્તિ પણ છે. આ સર્વજ્ઞશક્તિમાં વીર્યશક્તિનું રૂપ છે. આત્માની પ્રત્યેક શક્તિમાં બીજી અનંત શક્તિઓનું રૂપ હોય છે. આ રીતે જ્ઞાન, દર્શન, સુખ, પ્રભુતા, સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ ઇત્યાદિ અનંતગુણમાં વીર્યશક્તિનું રૂપ હોય છે. આવી અનંત શક્તિઓનો સાગર આત્મા છે. તેની સન્મુખ દૃષ્ટિ કરવાથી વીર્યશક્તિ સ્ફુરાયમાન થઈ અનંત ગુણની નિર્મળ પર્યાયની રચના કરે છે. આનું નામ આત્મવીર્ય છે.

આત્મા પોતે પોતાની વીર્યશક્તિ વડે શુદ્ધ વીતરાગ પરિણતિની રચના કરે છે. જેમ આત્મામાં વીર્યગુણ છે તેમ એક અકાર્યકારણત્વ નામનો ગુણ છે. વીર્યગુણમાં આ અકાર્યકારણત્વનું રૂપ છે, જેથી સ્વરૂપની રચના થાય. આત્મામાં વીર્ય નામનો જે ગુણ છે તેનું રૂપ આત્માના બીજા અનંત ગુણોમાં છે તેથી અનંતાગુણો પોતાના વીર્યથી પોતાના સ્વરૂપની રચના કરે છે પણ વિકારની રચના કરતા નથી. પરવસ્તુમાં કાંઈ કરે કે વિકારને રચે એવું ખરેખર આત્માનું બળ-વીર્ય નથી. કોઈનો પણ ઓશિયાળ ન રહે એવો આત્માનો વીર્યગુણ અલૌકિક છે ! આવા આત્મવૈભવને પ્રતીતમાં લઈને સ્વવીર્યથી શ્રદ્ધા-જ્ઞાન-આનંદની નિર્મળ પર્યાયોને રચવી તે આત્માની વીર્યશક્તિનું કાર્ય છે. **(ક્રમશઃ)**

# સામાયિક વ્રત
## (ક્રમાંક - ૩)

નિરૂપમાબેન ડગલી

**વિશિષ્ટ લાભો :**

(૧) ગૌતમ ગણધરે મહાવીર સ્વામીને પૂછ્યું, 'હે ભગવંત ! એક મુહૂર્તની શુદ્ધ સામાયિક કરવાથી શું ફળ મળે છે ?'

'હે ગૌતમ ! ૯૨ કરોડ, ૫૯ લાખ ૨૫ હજાર ૯૨૫ પલ્યોપમથી વધારે નારકીનું આયુષ્ય તોડી જીવ દેવતાનું શુભ આયુષ્ય બાંધે છે.'

(૨) પારણામાં કુશાગ્ર ઉપર રહે તેટલું અન્ન અને અંજલિમાં રહે તેટલું પાણી ગ્રહણ કરી માસખમણનાં તપ ક્રોડ વર્ષ સુધી કરનાર અજ્ઞાન તપસ્વીના તપનું ફળ સમકિતી શ્રાવકના એક સામાયિકના ફળના સોળમા ભાગની પણ બરાબરી કરી શકતું નથી. આવા મહાન ફળને આપનારું સામાયિક વ્રત છે.

(૩) આત્મા શુદ્ધ, શાશ્વત, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી અને જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવાના સ્વભાવવાળો છે; જ્યારે દેહ જડ, મલિન, ક્ષણભંગુર છે. એક ક્ષેત્રે રહ્યા હોવા છતાં દેહ અને આત્મા વસ્ત્ર અને શરીર કે મ્યાન અને તલવાર કે તલ અને તેલની માફક જુદા છે એવો અફર નિર્ધાર આત્મભાવના ભાવવા માટે આવશ્યક છે. આત્મચિંતનના સતત અભ્યાસ વડે કોઈક ધન્યપળે ધ્યાનમાં આત્માનો અનુભવ થઈ જાય છે ત્યારે આત્માનંદની એક અપૂર્વ-અદ્‌ભુત લહેર ઊઠે છે તેનું વર્ણન વાણી દ્વારા થઈ શકતું નથી. આ પ્રકારની શુદ્ધ સામાયિકને રત્નચિંતામણિ, કલ્પવૃક્ષ કે કામધેનુ ગાયથી પણ અધિક લાભદાયક ગણવામાં આવી છે. તે સામાયિકથી સાધકનું જીવન ધન્ય થઈ જાય છે.

(૪) સામાયિક વ્રતનું સમ્યક્‌પ્રકારે આરાધન કરવાથી ચિત્તસમાધિ પ્રાપ્ત થાય છે. આત્માની અનંત શક્તિઓ પ્રગટ થાય છે. રાગ-દ્વેષરૂપી દુર્જય શત્રુઓનો નાશ થાય છે. જ્ઞાનાદિ ત્રણ રત્નોનો લાભ થાય છે. જન્મ-જરા-મૃત્યુરૂપ જાલિમ દુઃખોનો અંત આવે છે અને ભવિષ્યમાં સ્વર્ગના અને ક્રમશઃ મોક્ષના અનંત સુખો પ્રાપ્ત થાય છે.

**સામાયિકના પ્રકાર :**

સામાયિકના બે પ્રકાર છે.

**(૧) વ્યવહાર સામાયિક :** મન, વચન, કાયાને સંયમમાં રાખવાં, પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરવો, બધા જીવો ઉપર સમભાવ રાખવો, આર્ત-રૌદ્રધ્યાન છોડી ધર્મધ્યાનનો અભ્યાસ કરવો. ભક્તિ, વાચન, સ્મરણ, જાપ વગેરે કરવા તે વ્યવહાર સામાયિક છે.

**(૨) નિશ્ચય સામાયિક :** પરદ્રવ્ય, પરલક્ષથી પાછા હઠીને પોતાના આત્મસ્વરૂપમાં રમણતા કરવી. વિભાવદશાથી છૂટીને સ્વસ્વભાવમાં સ્થિરતા પ્રાપ્ત કરી આત્માનંદમાં જ લીનતા પ્રાપ્ત કરવી તે નિશ્ચય સામાયિક છે. ત્રણ કષાયના અભાવવાળા મુનિ દરરોજ આવી નિશ્ચય સામાયિક કરતાં હોય છે.

બીજી રીતે જોઈએ તો સામાયિકના ચાર પ્રકાર પણ છે :

**(૧) શ્રુત સામાયિક :** સામાયિકમાં આગમ-શાસ્ત્રો ભણવાના નિયમરૂપ છે.

**(૨) સમ્યક્ત્વ સામાયિક :** શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય(આસ્થા) આદિ ગુણોના સેવન વડે આત્મામાં શ્રદ્ધા ગુણની નિર્મળ પર્યાય પ્રગટે છે.

**(૩) દેશવિરતિ સામાયિક :** આ સામાયિક બે ઘડી - ચાર ઘડી વગેરે સમય સુધી સાવદ્ય વ્યાપારના ત્યાગના નિયમરૂપ છે.

**(૪) સર્વવિરતિ સામાયિક :** જીવનપર્યંત નિરવદ્ય વ્યાપારના પાલનના પ્રતિજ્ઞારૂપ આ સામાયિક છે; જેમાં હિંસાદિ પાંચ પ્રકારના પાપ વ્યાપારનો સર્વથા ત્યાગ હોય છે. **(અનુસંધાન પાના નં. ૧૧ પર...)**

# ક્ષમાનું અમૃત

**મંજુલાબેન અનિલકુમાર બોટાદરા**

ભારતીય અને જૈન સંસ્કૃતિમાં ક્ષમા, દયા, દાન, તપ, સેવા, સ્વાધ્યાય, ધ્યાન વગેરેના અનેક રત્નો વિશ્વમંચ પર પથરાયેલા છે કે જે માનવની માનવતાને પરિપૂર્ણ કરે છે. હજારો હજારો વર્ષોથી ઋષિમુનિઓ, સંત મહારથીઓએ બૃહદ્ આયામોને ઉદ્‌ઘાટિત કર્યા છે તેમાં ક્ષમાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. સામાયિક અને તપ કરી લઈએ, અરે ! નવકારમંત્રના જોશીલા નારા લગાવી લઈએ, હજારો રૂપિયાના દાન આપી દઈએ, સેવાની સૌરભ મહેકાવી લઈએ પરંતુ ક્ષમાના અભાવમાં કરાયેલી તમામ સાધના, એકડા વગરના મીંડા બરાબર છે. જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે જીવનમાં ક્ષમા નથી ત્યાં અશુભ લેશ્યા ફૂલેફાલે છે. અશુભ લેશ્યા દ્વારા જ આત્મા પર નરક વગેરે અશુભ ગતિના દલિયા એકત્રિત થાય છે. અશુભ લેશ્યા નરકની હાઈવે છે. તો સ્પષ્ટ થાય છે કે જીવનમાં ક્ષમાનું કેટલું મહત્ત્વ છે. અમૃતના એક ટીપામાં અનેક રોગોને મટાડવાનું સામર્થ્ય રહેલું છે, પરંતુ આ ભવ સુધી જ સીમિત છે; જ્યારે ક્ષમાનું અમૃત આ ભવની સાથે ભવાન્તરના રોગ પણ મટાડે છે. સદ્‌ગતિનો રાજમાર્ગ ક્ષમા છે, સાધનાનું પ્રથમ સોપાન ક્ષમા છે, સ્વ-પરની સાધનાનો શણગાર ક્ષમા છે, ક્ષમા આત્માનો આલોક છે, જીવનની પવિત્રતા છે, વ્યવહારની કળા છે, વાણી વ્યવહારનું માધુર્ય છે. ક્ષમા કર્મોના કચરાને બાળનારી દિવ્ય આગ છે. ભડકે બળતા ક્રોધના આવેશને ઠારનાર શીતળ જળ છે. ક્રોધના સમયે તથા પ્રતિકૂળતામાં ક્ષમા રાખવાથી પુણ્ય ઉપાર્જન થાય છે. અશુભ કર્મોની નિર્જરા થાય છે. પ્રભુના શાસનમાં અમૂલ્ય માનવભવ પ્રાપ્ત થયો છે. જીવન જીવવાની કળા શીખવી. ક્રોધ અને દુર્ગુણોના કચરાને વિદાય આપવી. જીવનમાં ક્ષમા ગુણ ધારણ કરાવનાર આચાર્ય, ઉપાધ્યાય, ગુરુ ભગવંતો અને ગુરુણીમૈયાનો પાવન યોગ પ્રાપ્ત થયો છે. અજ્ઞાનની અંધેરી અટવિમાં આથડતા પથિકોને સર્ચલાઈટનો પ્રકાશ ગુરુ આપે છે, દૈનિક જીવનમાં વ્યવહાર ધર્મનું જ્ઞાન આપે છે. ધર્મમય જીવનના પાયા ઉપર જ સાધનાનો મહેલ ઊભો રહી શકે છે. સ્વદયામાં ત્રસ-સ્થાવર જીવોની દયા રહેલી છે. ક્ષમા છે ત્યાં દયા છે, દયા છે ત્યાં પ્રેમ છે, જ્યાં પ્રેમ છે ત્યાં ન તો રાગનું ધીમું ઝેર છે અને ન દ્વેષનો દાવાનળ છે. આવી અપૂર્વ ક્ષમા આત્મસાત્ કરી તેના શણગાર તપના દિવ્ય તાપમાં કર્મોને બાળતો રહું, સેવાની સૌરભથી જીવનને મહેકાવતો રહું, દાનની દિવ્યતામાં જીવન ઝગમગાવતો રહું. અનાદિ કાળના આત્મા પર લાગેલા કર્મોને હંફાવવા હરદમ બની રહે ક્ષમા ગુણની આરાધના, એ જ અંતરની ભાવના.

## મિચ્છા મિ દુક્કડમ્



**"જાણે-અજાણે, વારે-તહેવારે, અમે ને તમે, સહુ કરી બેસીએ છીએ ભૂલ;**
**ભૂલી જાઓ એ ભૂલોને, નહિતર એ જ ભૂલો, આપણને ખૂંચશે બનીને શૂલ."**



જીવનપંથ એટલો લાંબો અને અટપટો છે કે જો એને વારંવાર ક્ષમાપનાથી સ્વચ્છ કરવામાં ન આવે તો એ કચરાપેટી બની જશે. ક્ષમા માગવી હજી સરળ છે, પરંતુ ક્ષમા આપવી એ કોઈ નિર્બળ વ્યક્તિનું કામ નથી. એ તો માત્ર શૂરવીરોનું જ કામ છે.

શત્રુતા મનમાં રાખીને ધર્મની ઉપાસના કરવી એ વ્યર્થની કસરત કરવા જેવું છે. ભૂલ તો કોઈ પણ વ્યક્તિથી થઈ શકે અને એ મૈત્રીના સંબંધોમાં તિરાડ પાડી શકે છે. આ વેરને કે મનદુઃખને ક્યાં સુધી જીવંત રાખીશું ? ક્યાંક એવું ન બને કે આ મનદુઃખને કે વેરને મનમાં રાખીને જ આપણે દુનિયામાંથી વિદાય લઈ લઈએ ! જો આવું બને તો આ મનુષ્યજીવનની સહુથી મોટી દુર્ઘટના લેખાશે. ક્ષમાપના જ આ દુર્ઘટનાને નિવારવાનો એક માત્ર ઉપાય છે.

જાણતાં-અજાણતાં અમારા તરફથી આપને કંઈ પણ મનદુઃખ થયું હોય તો 'દિવ્યધ્વનિ'ના સુજ્ઞ વાચકમિત્રોને સમસ્ત કોબા પરિવાર તથા તંત્રી તરફથી ભાવપૂર્વકના મિચ્છામિ દુક્કડમ્.

**- તંત્રી 'દિવ્યધ્વનિ' તથા સમસ્ત કોબા પરિવાર**

# પૂર્વજન્મના સંસ્કાર

**ચંદ્રહાસ ત્રિવેદી**

પૌરાણિક સાહિત્યમાં નંદમણિયારનું એક કથાનક આવે છે. તેની વાત ઘણી સૂચક છે. તેમાં ધર્મનો મર્મ રહેલો છે. લોકો ઉપર ઉપરથી વાત વાંચી લે છે પણ તેના મર્મને ચૂકી જાય છે. નંદ મણિયાર ધાર્મિક વૃત્તિનો હતો. પરંપરાથી ધર્મનાં જે વિધિ-વિધાનો કહેલાં છે તે નંદ મણિયાર ઉત્સાહથી કરતો હતો. તિથિએ બને ત્યાં સુધી તે પૌષધ લઈને ઉપાશ્રયે રહેતો હતો. પૌષધ સંયમનું વ્રત છે. તેમાં શ્રાવક એટલા સમય પૂરતી સાધુચર્યા પાળે તે અનુસાર રાત્રિએ ભોજન તો શું પણ પાણીય પીવાનું ન હોય.

નંદ મણિયારે રાત્રિનો પ્રથમ પ્રહર તો સુપેરે વ્યતીત કર્યો, પણ પછીથી તેને પાણી પીવાનું મન થયું. જેમ જેમ સમય જતો ગયો તેમ તેને ગળામાં પાણીનો શોષ પડતો ગયો અને ઉત્તરોત્તર તેની તૃષા વધતી ગઈ. નંદ વિધિપાલનમાં ચુસ્ત હતો. તેથી તે સમતાપૂર્વક તરસના દુઃખને સહન કરતો રહ્યો, પણ તે વખતે તેના મનમાં થયું કે આ દુનિયામાં તરસનું દુઃખ ઘણું મોટું છે. ખાધા વિના તો હજુ ચાલે પણ પાણી વિના કોઈ રહી શકે નહિ માટે મારે એક વાવ ખોદાવવી. જતાં-આવતાં માણસો તેમાંથી પાણી પી શકે અને વધારાનું જે પાણી વહી જાય તેનાથી હવાડો ભરાતો રહે, તરસ્યાં પશુઓ હવાડામાંથી પાણી પી શકે.

પૌષધ તો પૂર્ણ થઈ ગયો પણ નંદ મણિયાર તેની વાવની વાત ભૂલી શક્યો નહિ. ધંધો તો સંપન્ન હતો. મનમાં ભાવ હતો. તેણે વાવ બાંધવા પાછળ મન મૂકીને પૈસા ખર્ચવા માંડ્યા. સમય જતાં વાવનું બાંધકામ પૂર્ણ થયું. વાવ સુંદર લાગતી હતી. લોકો હોંશે હોંશે તેનો ઉપયોગ કરતા હતા. સવારે તો આસપાસના વિસ્તારમાં રહેતી પનિહારીઓથી વાવ જાણે ભરાઈ જતી હતી. બપોરે ધોમ ધખતો હોય ત્યારે વટેમાર્ગુઓ વાવમાં ઊતરીને તેના શીતળ પાણીથી પોતાની તરસ છિપાવતા. વાવની બાજુમાં કાઢેલા હવાડામાંથી ઢોર-ઢાંખર પાણી પીને, તૃપ્ત નજરે આસપાસ જોતાં. નંદ મણિયાર રોજ જાતે વાવ જોવા આવતો હતો અને વાવનો ઉપયોગ થતો જોઈને મનોમન આનંદતો. પંથકના લોકો વાવની વાત કરતાં નંદ મણિયારની પ્રશંસા કરતાં, જે સાંભળીને નંદ પોતે ખુશ થઈ જતો હતો.

આમ ને આમ વર્ષો વીતતાં ગયાં. પછી તો નંદને જાણે વાવ સાથે પ્રીતિ થઈ ગઈ. તે રોજ સાંજે વાવે આવતો હતો. તેની પાસે બેસીને વાવનાં નીરને જોયા કરતો હતો. સમય વહેતો રહ્યો. નંદમણિયાર વૃદ્ધ થઈ ગયો અને ધીમે ધીમે રોગો પણ તેના ઉપર પંજો ફેલાવતા તેને જર્જરિત કરતા રહ્યા. છેવટે નંદ મણિયાર મૃત્યુ પામ્યો પણ મરણની વેળાએ પણ તેના મનમાં વાવ રમતી રહી તેથી મરીને તે આ વાવમાં જ દેડકો થઈને જન્મ્યો. કર્મની વ્યવસ્થામાં જ્યાં પ્રીતિ ત્યાં આસક્તિ અને આસક્તિ ત્યાં ઉત્પત્તિ થાય. કર્મનો કાયદો અફર રહ્યો અને નંદ મણિયાર પોતે બંધાવેલી વાવમાં આમતેમ કૂદકા મારતો, દેડકાના ભવમાં પોતાનું આયુષ્ય વ્યતીત કરતો રહ્યો.

એક દિવસ વાવમાં પાણી ભરવા આવેલી સ્ત્રીઓ મોટેથી વાતો કરતી હતી કે આજે તો ભગવાન મહાવીરની ધર્મસભા-સમોવસરણમાં જવું

છે. તેમની વાણી સાંભળીએ તો પણ ભવોભવનાં પાપ નાશ પામે. ચાલો ઉતાવળે પાણી ભરીને જઈએ. આ વાતો સાંભળતાં પેલા દેડકાને જાતિસ્મરણની ઝાંખી થઈ. તેને થયું કે ભગવાનનું શાસન પામીને હું ક્યાં ચૂકી ગયો કે મારે દેડકાના ભવમાં આવવું પડ્યું. તેને થયું કે કેવા અહોભાગ્ય કે ભગવાન અહીં જ પધારેલ છે. તેમની વાણી સાંભળવા જાઉં. આ વિચાર ઉત્તરોત્તર પાકટ થતો ગયો. તેની આગળનાં આવૃત્ત કર્મો જરા વધારે ખસી ગયાં અને તે ઉત્સાહથી કૂદકો મારીને પાણીના કૂવામાંથી બહાર આવ્યો અને પછી તો વાવના એકેક પગથાળ ઠેકતો ઠેકતો તે વાવની બહાર નીકળ્યો. આમતેમ જોતાં તેને ખ્યાલ આવ્યો કે લોકોની ભીડ જે તરફ જઈ રહી છે ત્યાં જ ભગવાનનું સમોવસરણ રચાયું હશે. આમ, ભગવાનને જોવાનું-સાંભળવાનું ચિંતન કરતો કરતો તે માર્ગ ઉપર આગળ વધવા લાગ્યો.

સમોવસરણના રાજમાર્ગ ઉપર ભારે ભીડ હતી. ઘણાં વાહનોની અવર-જવર હતી. ત્યાં તો રાજા શ્રેણિક પણ ભગવાન મહાવીરના સમોવસરણમાં જવા માટે ઘોડા ઉપર નીકળ્યા. તેમનો ઘોડો ઉતાવળે જઈ રહ્યો હતો. ઘોડાના પગ નીચે આકસ્મિક એ દેડકો આવી ગયો અને તેના પ્રાણ નીકળી ગયા. તેની ખબર મહારાજા શ્રેણિકને તો પડી જ નહિ. તેઓ પણ ભગવાનને સાંભળવા માટે તેમનાં દર્શન કરવા ઉત્સાહભેર આગળ વધતાં વધતાં સમોવસરણમાં આવીને પોતાની પર્ષદામાં ગોઠવાઈ ગયા.

આ બાજુ દેડકાનો જીવ પરમાત્માને સાંભળવા જવાના અધ્યવસાયમાં શુભ લેશ્યામાં છૂટેલો તેથી તે સીધો દેવલોકમાં જઈ પહોંચ્યો. ભગવાન મહાવીરના સમોવસરણમાં જવાનો પોતાનો અધ્યવસાય ચાલુ જ હતો. તેથી તે તુરત જ દેવલોકના દેવોને સહજ પ્રાપ્ત થયેલ લબ્ધિને કારણે દેવલોકમાંથી આવીને સમોવસરણમાં દેવોની પર્ષદામાં બેસી ગયો. સમોવસરણમાં ગૌતમ સ્વામીના એક પ્રશ્નનું સમાધાન કરાવતાં ભગવાન મહાવીરે આ વાતનો ઉલ્લેખ કરતાં કહ્યું, ''હજુ તો દેડકાનું શબ રાજમાર્ગ ઉપર પડેલું છે અને તેનો જીવ દેવ બનીને અહીં પર્ષદામાં આવીને બેઠો છે.''

તત્ત્વજ્ઞાનની આ ગહન વાતો છે એનાં ઊંડાણ વધારે છે. જો પારિભાષિક શબ્દોમાં આ વાતને કહીએ તો પનિહારીઓની વાત સાંભળતાં દેડકામાં રહેલા મણિયારના જીવને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વજન્મના સંસ્કાર આગળ આવ્યા. આત્માનો 'ઉપયોગ' બદલાયો. ઉપયોગ આગળ વધતાં આત્મ-પ્રવર્તન અધ્યવસાયના રૂપમાં પરિણમ્યું અને દેડકાના જીવને સમોવસરણમાં જવાની રુચિ થઈ. ભાવ જાગ્યો. આ ભાવ ગાઢ બનતાં જીવની લેશ્યા બદલાઈ અને તે પ્રમાણે ચિત્તવૃત્તિ બદલાઈ તથા તેનો મન-વચન-કાયાનો યોગ બદલાયો અને દેડકો ઠેકતો ઠેકતો વાવની બહાર નીકળ્યો. શુભ લેશ્યા અને અધ્યવસાયમાં પ્રાણ ગયા હોવાને કારણે દેડકાનો બીજો જન્મ દેવલોકમાં થયો અને ત્યાંથી તેની મોક્ષપ્રતિની યાત્રા શરૂ થઈ ગઈ.

સાધનામાં જીવનો 'ઉપયોગ' ઘણો મહત્ત્વનો છે. તેથી તો ધર્મમાં કહેવાય છે કે ઉપયોગે ધર્મ. જે જીવ ઉપયોગને સાચવી જાણે છે, અધ્યવસાયને શુભ રાખી શકે છે તેની લેશ્યા શુભ બની જાય છે અને પછી તે પ્રમાણે જીવના મન-વચન ને કાયાના યોગોનું પ્રવર્તન થાય છે. મોક્ષમાર્ગની ચાવી ઉપયોગ અને અધ્યવસાયમાં રહેલી છે. જેટલો ઉપયોગ શુદ્ધ તેટલો મોક્ષમાર્ગ ટૂંકો. આ વિષયમાં ઊંડાણ વધારે છે, પણ ઉચ્ચની પ્રાપ્તિ કરવી હોય તો ઊંડાણ સાધવાં પડે.

● ● ●

# સમદર્શિતા - મધ્યસ્થતા

**નવનીતભાઈ પી. શાહ (ચેન્નાઈ)**

'આત્મસિદ્ધિ' ગાથા - ૧૦માં 'સમદર્શિતા'ને સદ્‌ગુરુનું લક્ષણ બતાવ્યું છે. ત્યારપછી પત્રાંક - ૮૩૭માં પરમકૃપાળુદેવે સમદર્શિતાનો વિસ્તારથી અર્થ કર્યો છે.

સમદર્શિતા એટલે કોઈપણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ વિશે ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન થાય, ઇચ્છા કે મમત્વ ન થાય, રાગદ્વેષ ન થાય. સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે. 'પ્રવચનસાર' ગાથા - ૭માં શ્રી કુંદકુંદાચાર્ય ભગવંત કહે છે,

**"ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;**
**ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે."**

માત્ર જ્ઞાતા-દૃષ્ટા રહેવું તે આત્માનો સ્વાભાવિક ગુણ છે. તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે, જાણે; પણ જ્ઞાની તેમાં મમત્વબુદ્ધિ ન કરે, ઈષ્ટઅનિષ્ટ બુદ્ધિ ન કરે, તાદાત્મ્યપણું ન કરે કારણ કે જ્ઞાનીને સમદર્શિપણું પ્રગટ થયું છે. 'સમયસાર' ગાથા-૭૫માં શ્રી કુંદકુંદાચાર્ય ભગવંત કહે છે,

"પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે,
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે."

શાતા-અશાતા, જીવન-મૃત્યુ, સુગંધ-દુર્ગંધ, રૂપ-કુરૂપ, શીત-ઉષ્ણ આદિના હર્ષ-શોક, રતિ-અરિત, ઈષ્ટ-અનિષ્ટપણું, આર્તધ્યાન ન વર્તે તે સમદર્શિતા. હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર સમદર્શીને વિશે અવશ્ય હોય.

સદ્‌ગુરુ યોગ્ય લક્ષણરૂપ સમદર્શિતા મુખ્યતાએ સર્વવિરતિ ગુણસ્થાનકે હોય; એટલે કે છઠ્ઠા - સાતમા ગુણસ્થાનવર્તી મુનિને હોય.

ટૂંકમાં, સમદર્શિતા એટલે ભેદભાવ કર્યા વગર વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરવી નહીં.

આ અર્થ કર્યા પછી પરમકૃપાળુદેવે બહુ તાત્ત્વિક ખુલાસો કર્યો. સમદર્શીપણું એટલે લૌકિક ભાવમાં સમાન ભાવ, અભેદ ભાવ, એકસરખી બુદ્ધિ નહીં; કાચ અને હીરાને સમાન ગણવા એમ નહીં. સત્ દેવ-ગુરુ-ધર્મ-શ્રુત અને અસત્ દેવ-ગુરુ-ધર્મ-શ્રુતને સરખા ગણવા એ સમદર્શિતા નહીં, એ તો જીવની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેકવિકળતા.


સમદર્શી સત્ દેવ-ગુરુ-ધર્મ-શ્રુતને સત્ જાણે અને બોધે; અસત્ દેવ-ગુરુ-ધર્મ-શ્રુતને અસત્ જાણે અને નિષેધે; બંનેને સરખા ન ગણે. રાગદ્વેષ કર્યા વગર, ઈષ્ટ - અનિષ્ટબુદ્ધિ કર્યા વગર ખોટાને - અસત્‌ને માત્ર ખોટું જાણે, એટલું જ નહીં પણ તેને નિષેધે.

૩૧ વર્ષની આયુએ કરેલા સમદર્શિતાના આ અર્થ સાથે માત્ર ૧૬ વર્ષની આયુએ લખેલી 'મોક્ષમાળા'માં કરેલા 'મધ્યસ્થતા'ના અર્થ સાથે કેટલો મેળ ખાય છે એ આશ્ચર્યજનક છે. જ્ઞાનીની વાણીમાં અપેક્ષારૂપ સ્યાદ્વાદ હોઈ શકે, વિરોધાભાસ ન હોય.


શિક્ષાપાઠ-૮૭માં કહે છે, "હું મધ્યસ્થતાથી સત્ય કહું છું કે એમાં જે વિશુદ્ધજ્ઞાન બતાવ્યું છે તે ક્યાંય નથી; અને સર્વ મતોએ જે જ્ઞાન બતાવ્યું છે તે મહાવીરના તત્ત્વજ્ઞાનના એક ભાગમાં આવી જાય છે. એનું કથન સ્યાદ્વાદ છે, એકપક્ષી નથી."

શિક્ષાપાઠ-૯૬માં કહે છે, "જ્યારે એક દર્શનને પરિપૂર્ણ કહી વાત સિદ્ધ કરવી હોય ત્યારે

**(અનુસંધાન પાના નં. ૩૫ પર...)**



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## અપરિગ્રહ

ગ્રીસના એક મહાન તત્ત્વચિંતક !

તેમનું નામ ડાયોજિનિસ હતું.

માત્ર તત્ત્વચિંતક તરીકેની જ તેમની નામના હતી એમ નહિ, એક અપરિગ્રહ તરીકેની પણ તેમની ખ્યાતિ સમગ્ર ગ્રીસમાં ફેલાઈ હતી.

તેમની પાસે ખાવા માટે એક ધાતુપાત્ર અને પાણી પીવા એક જળપાત્ર !

બસ, આ જ તેમની માલમિલકત !

પણ આટલાથી તેમને ખૂબ સંતોષ !

કોઈ પૂછે તો એક જ વાત કહે, ''આ સિવાય બીજી ચીજોની ઝંઝટ મારે શા માટે વહોરવી ?''

તેમનો આવો અપરિગ્રહ જોઈને લોકો તેમની પ્રશંસા કરવામાં કશું બાકી રાખતા નહોતા.

આવી પ્રશંસાને લીધે કે કોઈ બીજા કારણથી ડાયોજિનિસ પોતે પણ ઊંડે ઊંડે એવું માનતા કે પોતે પૂરેપૂરા અપરિગ્રહી છે.

એક દિવસ તેઓ ફરતા ફરતા એક નદીકિનારે જઈ પહોંચ્યા. ત્યાં તેમણે જોયું કે, કોઈ એક નાનો છોકરો નદીમાંથી ખોબેથી પાણી પી રહ્યો હતો.

આ જોતાં જ ડાયોજિનિસના મનમાં એક વિચાર વીજળીની માફક ઝળકી ઊઠ્યો : 'અરે, હું તે કેવો મૂઢ કે આજ સુધી એટલું પણ સમજ્યો નહિ કે પાણી તો ખોબાથી પણ પી શકાય છે ! જો પાણી ખોબેથી પી જ શકાય છે તો પછી પાણી પીવા મારે જળપાત્રની શી જરૂર ? આજ સુધી મેં જળપાત્રનો બોજ નાહકનો જ વેંઢાર્યો. જળપાત્રની મારે જરૂર શી ? આ એક નાનો છોકરો જો કોઈ જળપાત્ર વિના ખોબેથી જળપાન કરી શકે છે તો હું શું એમ ન કરી શકું ? મારો અપરિગ્રહ આવો કાચો હોવા છતાં હું મારી જાતને મોટો અપરિગ્રહી માનું છું એ કેવી મોટી મૂર્ખતા !'

તેમણે એ જ ક્ષણે જળપાત્રનો નદીમાં ઘા કર્યો ! પછી તેમણે નિરાંતનો દમ ખેંચી, નદીમાંથી ખોબેથી પાણી પીવા માંડ્યું.

## મિતભાષિતા

મોઉ ત્સુ ચીનના એક ફિલસૂફ હતા.

તેમની લોકોને સમજાવવાની રીત જ એવી કે તેમનું કહેવું લોકોને ગળે ઉતરી જ જાય !

શાસ્ત્રોની ગંભીર વાતો પણ તેઓ એવાં દૃષ્ટાંતો અને ઉપમાઓથી લોકોને સમજાવે કે લોકોને એ બધું ખૂબ સરળતાથી સમજાઈ જાય.

એકવાર ત્સુ ચી નામનો એક માણસ તેમની પાસે આવ્યો.

પોતાનો પ્રશ્ન રજૂ કરતાં ત્સુ ચી બોલ્યો, ''મહાશય ! બહુ વાતોડિયા થવામાં કશો માલ નથી એવું લોકો કહે છે, તો આપ મને કોઈ ઉપમા દ્વારા એ વાત સાચી છે કે કેમ, તે સમજાવો.''

મોઉ ત્સુ બોલ્યા, ''ભાઈ, સાંભળ ! આપણે જોઈએ છીએ કે તળાવમાં દેડકાંઓ આખો દિવસ ડ્રાંઉ ડ્રાંઉ બોલ્યા કરે છે, મચ્છરો પણ રાતદિન ગણગણ્યા કરે છે અને માખીઓનો પણ ગણગણાટ સતત ચાલુ રહે છે, છતાં એમની કોઈ પરવા કરતું નથી. એમના અવાજને કોઈ ગણનામાં લેતું નથી. હવે કૂકડાનો દાખલો લઈએ. કૂકડો સવારે જ કૂકડે કૂક કરે છે અને આખી દુનિયાને એના અવાજ પરથી ખબર પડે છે કે સવાર થયું. આ એના એક જ વારના

અને નિયમિત અવાજથી લોકો એના અવાજને મહત્ત્વ આપે છે અને એના અવાજનું મૂલ્ય થતું રહે છે. એ જ રીતે બહુ બોલવામાં નહિ, પણ યોગ્ય સમયે અને ખપ પૂરતું જ બોલવામાં માણસની કિંમત થાય છે.''

## ''રામ જીત્યો, રામ જીત્યો''

સ્વામી રામતીર્થ જ્યારે પ્રોફેસર તીર્થરામ તરીકે ગૃહસ્થ હતા તે વખતની આ વાત છે. તે સમયે તેઓશ્રી લાહોરની એક કૉલેજમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા હતા. એમનું નિવાસસ્થાન લુહારી દરવાજે હતું.

એક દિવસ અધ્યાપન-કાર્ય પતાવ્યા પછી તેઓ કૉલેજમાંથી નીકળી ઘેર જઈ રહ્યા હતા ત્યારે તેમણે લુહારી દરવાજા પાસે એક વ્યક્તિને એક ટોપલામાં લીંબુ વેચતી જોઈ. પીળા રંગનાં મોટાં સુંદર લીંબુ હતાં. લીંબુને જોતાં જ તેમના મોંમાં પાણી આવ્યું. જીભે કહ્યું, ''જોઈ શું રહ્યો છે ! ખરીદી લે. એનો સ્વાદ ઉત્તમ છે.''

તીર્થરામ થોડો સમય થોભ્યા અને આગળ ચાલ્યા. પુનઃ લુલીબાઈએ કહ્યું, ''લીંબુ સારાં તો હતાં. એ ખાવાથી શું નુકસાન છે ?''

તીર્થરામ પાછા ફર્યા. લીંબુને જોયાં. વાસ્તવમાં તે સારાં જ હતાં. લીંબુને જોઈને તેઓ ઘર તરફ ચાલી નીકળ્યા. થોડું આગળ ચાલ્યા ત્યાં પુનઃ જીભ બોલી ઊઠી, ''લીંબુનો રસ તો બહુ સારો છે. લીંબુ તો ખાવાની ચીજ છે. એ ખાવામાં પાપ ક્યાં છે ?''

તીર્થરામ વળી પાછા લીંબુ વેચનાર પાસે ગયા. બે લીંબુ ખરીદ્યાં અન ઘેર આવ્યા, અને તેમની પત્નીને કહ્યું, ''ચપ્પુ લાવો.''

તીર્થરામે લીંબુ પોતાની પાસે મૂક્યાં અને ચપ્પુ પણ બાજુમાં મૂક્યું. એમનું મન બોલી ઊઠ્યું, ''આમ બેસી શું રહ્યો છે ? લીંબુ કાપવામાં શું નુકસાન છે ?'' તીર્થરામે (રામતીર્થે) એક લીંબુ કાપ્યું. મનમાંથી સૂચન આવ્યું, ''એને ચાખી તો જો ! એનો રસ ઉત્તમ છે.''

તીર્થરામે એક ટુકડો ઉઠાવ્યો. જીભની પાસે લઈ ગયા. હજુ લીંબુને એમણે જીભને અડકાડ્યું નહોતું એવામાં અંતરમાંથી મીઠો પણ સત્તાવાહી અવાજ આવ્યો, ''તું શું જીભનો ગુલામ છે ? જીભ જે કહે તે કરવા તૈયાર થઈ ગયો ? જીભ તારી છે, તું જીભનો નથી.''

એમની નજીક ઊભેલી એમની પત્નીએ પૂછ્યું, ''વાત શી છે ? આપ લીંબુ લાવ્યા, કાપ્યું, પણ ખાતા કેમ નથી ?''

તીર્થરામ જલદીથી ઊઠ્યા. કાપેલું અને કાપ્યા વગરનું બંને લીંબુ હાથમાં પકડીને બારીમાંથી નીચે પોળમાં ફેંકી દીધાં અને આનંદથી નાચી ઊઠ્યા, 'રામ જીત્યો, રામ જીત્યો !' તીર્થરામની પત્ની તો આશ્ચર્યથી અવાક બનીને, પોતાના મહાન પતિને જોઈ જ રહી.

● ● ●

## સમદર્શિતા - મધ્યસ્થતા

(પાના નં. ૩૩ પરથી ચાલુ...)


પ્રતિપક્ષની મધ્યસ્થબુદ્ધિથી અપૂર્ણતા દર્શાવવી જોઈએ.''

શિક્ષાપાઠ-૯૪માં પોતાને મંદમતિ મધ્યસ્થરૂપ ગણાવી કહે છે, ''પ્રિય ભવ્યો ! જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એક્કે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.''

આગળ જતાં (૨૨મા વર્ષે) વેદાંતી તત્ત્વજ્ઞ શ્રી મનસુખરામને (પત્રાંક-૭૧માં) લખે છે : ''નિર્ગ્રંથના ઉપદેશને અચલભાવે અને વિશેષે સમ્મત કરતાં અન્ય દર્શનના ઉપદેશમાં મધ્યસ્થતા પ્રિય છે.''

તાત્પર્ય એ છે કે રાગદ્વેષ કર્યા વગર અને ખાસ કરીને દ્વેષભાવ કર્યા વગર અસત્‌ને અસત્ કહેવું અને સત્‌ને સત્ કહેવું તે છે 'મધ્યસ્થતા' અને તે જ છે 'સમદર્શિતા' અને તે છે આત્મજ્ઞાની સદ્‌ગુરુનું લક્ષણ.

■ ■ ■



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## ALEXANDER AND DIOGENES

Now when Alexander [the Great] appeared before the Greek leaders in Corinth they greeted him warmly and paid him lavish compliments- all of them, that is but one. A funny fellow, a philosopher named Diogenes. He had views like those of the Buddha. According to him, possessions and all the things we think we need only serve to distract us and get in the way of our simple enjoyment of life. So he had given away everything he owned and now sat, almost naked, in a barrel in the market square in Corinth where he lived, free and independent like a stray dog.

Curious to meet this strange fellow, Alexander went to call on him. Dressed in shining armour, the plume on his helmet waving in the breeze, he walked up to the barrel and said to Diogenes: 'I like you. Let me know your wish and I shall grant it.' Diogenes, who had until then been comfortably sunning himself, replied: 'Indeed, Sire, I have a wish.' 'Well, what is it?' 'Your shadow has fallen over me: stand a little less between me and the sun.' Alexander is said to have been so struck by this that he said: 'If I weren't Alexander, I should like to be Diogenes.'

**What is it to be a good citizen?**

- It is to acknowledge the other person's rights before asserting your own, but always to be conscious of your own.
- It is to be free in thought and deed, but it is to know that your freedom is subject to the other person's freedom.
- It is to create the useful and the beautiful with your own hands, and to admire what others have created in love and with faith.
- It is to produce wealth by labor and only by labor, and to spend less than you have produced that your children may not be dependent on the state for support when you are no more.

---

I have no enemies, O God, but if I am to have an enemy
let his strength be equal to mine - That truth alone may be the victor.

## LEARNING FROM MISTAKES

Thomas Edison tried two thousand different materials in search of a filament for the light bulb. When none worked satisfactorily, his assistant complained, "All our work is in vain. We have learned nothing."

Edison replied very confidently, "Oh, we have come a long way and we have learned a lot. We know that there are two thousand elements which we cannot use to make a good light bulb."

**Moral:** We can also learn from our mistakes.

# જીવનઅર્ક : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૨**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

(૧) કવર સાથે **'જીવનઅર્ક'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૬/- (છ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) પુસ્તિકાનું ટાઇટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.

(૩) પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.

(૪) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછી ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.

| | | |
|---|---|---|
| નામ-સરનામું છાપવાનો ખર્ચ : | ૫૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૨૩૦/- |
| | ૧૦૦૦ પુસ્તિકાઓ | - રૂા. ૪૬૦/- |

(૬) ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્‌ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે મોકલવાની રહેશે.

(૭) તા. ૩૦-૧૦-૨૦૧૫ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.

(૮) ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ**
૬૩, અમૃતપાર્ક, ગલી નં. ૪, 'અમીદૃષ્ટિ'
પંચવટી મેઈન રોડ, અતિથિ એપાર્ટમેન્ટ પાછળ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૫૦૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯,૯૯૨૫૪ ૦૯૨૧૦

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩
મો. ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧,૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૫૫૯૫૩૬,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૮-૧૦-૨૦૧૫ | આસો વદ એકમ | બુધવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા પૂ. લઘુરાજસ્વામીની જન્મતિથિ |
| ૯-૧૧-૧૫ થી ૧૨-૧૧-૧૫ | આસોવદ તેરસ થી કાર્તિક સુદ એકમ | સોમવાર થી ગુરુવાર | શ્રી દીપાવલી આરાધના શિબિર |
| ૧૩-૧૧-૧૫ થી ૧૫-૧૧-૧૫ | કાર્તિક સુદ બીજ થી કાર્તિક સુદ ચોથ | શુક્રવારથી રવિવાર | શ્રી યુવાશિબિર |
| ૧૬-૧૧-૧૫ | કાર્તિક સુદ પાંચમ | સોમવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૫-૧૧-૧૫ | કાર્તિક સુદ પૂનમ | બુધવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતી |
| ૧-૧૨-૧૫ થી ૩-૧૨-૧૫ | કાર્તિક વદ છઠ્ઠ થી કાર્તિક વદ આઠમ | મંગળવાર થી ગુરુવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## સંસ્થામાં બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી સાનંદ-સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૮-૮-૨૦૧૫ થી તા. ૯-૯-૨૦૧૫ (૧ મહિના) દરમિયાન બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી ધર્મવાત્સલ્યસભર અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ. પૂજ્યશ્રી ગોકુળભાઈએ પૂજ્ય શિવકોટિમુનિવર રચિત 'ભગવતી આરાધના'ના આધારે અનેક દૃષ્ટાંતો સહ, જ્ઞાન-ત્યાગ-વૈરાગ્ય-સમાધિની વૃદ્ધિ કરે તેવી તત્ત્વસભર શૈલીમાં સ્વાધ્યાય આપ્યા હતા. આ સ્વાધ્યાયશ્રેણીથી મુમુક્ષુ ભાઈ-બહેનોએ સાત્ત્વિક આનંદની લાગણી અનુભવી હતી. સૌને સાધનાની ઉચ્ચતમ શ્રેણીઓને પ્રાપ્ત કરવાની પ્રેરણા મળી. તત્ત્વસભર સ્વાધ્યાયનો લાભ આપવા બદલ સમસ્ત કોબા પરિવાર પૂજ્યશ્રી ગોકુળભાઈને ભાવપૂર્વક વંદન કરે છે અને તેઓશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરે છે.

## નૂતન રાજકુટિરમાં કુંભસ્થાપન, ભક્તિ તથા ચિત્રપટાદિની સ્થાપનાના કાર્યક્રમો સંપન્ન

**[૧]** નવી રાજકુટિરોમાં તા. ૩-૮-૨૦૧૫ના રોજ આપણી સંસ્થાના પ્રમુખ શ્રી નીતિનભાઈ પારેખ, પ્રકાશન વિભાગ તથા અધ્યાત્મ સમિતિના પ્રમુખ શ્રી અશોકભાઈ શાહ, સંસ્થાના મુખ્ય કાર્યક્રમોના સફળ સંચાલક શ્રી શરદભાઈ ડેલીવાળા તથા મુમુક્ષુ શ્રી શાંતાબેન પ્રવીણભાઈ સંઘવીના દીકરા શ્રી અશ્વિનભાઈની કુટિરોમાં કુંભસ્થાપનાના શુભ પ્રસંગે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ મુમુક્ષુઓ ખૂબ ભાવપૂર્વક ભક્તિમાં જોડાયા હતા. ઉપરોક્ત મહાનુભાવો તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું તથા પ્રભાવના કરવામાં આવી હતી.

પૂજ્યશ્રીએ આશીર્વચનમાં સૌને અભિનંદન આપતા જણાવ્યું હતું કે દરેકની કુટિરો થઈ છે તો સૌએ વિશેષ અહીંયા રહીને સેવા-સાધના કરવામાં લાગી જવું જોઈએ. ઉપરોક્ત સર્વે મહાનુભાવો રાજકુટિરમાં રહીને

વિશેષ સત્સંગ-સાધના કરી આધ્યાત્મિક વિકાસના માર્ગે આગળ વધે તેવી પ્રભુ પ્રાર્થના.

**[૨]** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સેવા-સત્સંગ-ભક્તિનો લાભ લેતાં, સરળ હૃદયયુક્ત, સેવાભાવી તથા ધર્મપ્રેમી આદ. શ્રી નરેન્દ્રભાઈ તથા આદ. શ્રી જ્યોતિબેન શાહ (રાજકોટ)ની નૂતન રાજકુટિરમાં તા. ૨૦-૮-૧૫ના દિવસે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં કુંભસ્થાપન, પ્રભુ મહાવીરની મૂર્તિ તથા ચિત્રપટાદિ સ્થાપના તેમજ ભક્તિના કાર્યક્રમો સાનંદ સંપન્ન થયા.

પૂજ્યશ્રીના વરદ હસ્તે મૂર્તિ-ચિત્રપટાદિની સ્થાપના બાદ પૂજ્યશ્રીએ રાજકુટિરમાં ૐકારનું આલેખન, નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કર્યું. આ પ્રસંગે બા.બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આદ. શ્રી નરેન્દ્રભાઈ શાહ પરિવારે સૌનું ભાવભીનું સ્વાગત કર્યું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે માનવભવ દુર્લભ છે એટલે તેની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરી લેવો. જીવનમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિને વધારવા, 'જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.'

આ પ્રસંગે આદ. શ્રી નરેન્દ્રભાઈ શાહ પરિવાર તરફથી સૌને પ્રસાદ આપવામાં આવ્યો તથા સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. આદ. શ્રી નરેન્દ્રભાઈ શાહ પરિવાર રાજકુટિરમાં રહીને વિશેષ આધ્યાત્મિક પ્રગતિ કરે તેવી પ્રભુને પ્રાર્થના.


**[૩]** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લેતાં આદ. કમલાબેન જયંતિભાઈ શાહ (હિંમતનગર)ની નૂતન રાજકુટિરમાં કળશની સ્થાપના, ભક્તિ આદિના કાર્યક્રમો તારીખ ૬-૯-૨૦૧૫ના રોજ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સંપન્ન થયા. પૂજ્યશ્રી આત્માનંદજીએ શ્રી નવકાર મંત્રના ઉચ્ચારણ બાદ ૐકાર આદિનું લેખન કર્યું હતું. પૂજ્યશ્રી ગોકુળભાઈએ 'ૐ નમઃ સિદ્ધેભ્યઃ'નો મંત્રજાપ કરાવ્યો હતો. ભક્તિ બાદ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે ગુરુ વિના જ્ઞાન નહિ - આ વાત નિમિત્તની અપેક્ષાએ સાચી છે. હવે રાજકુટિરમાં વિશેષ રહીને સાધના કરજો. શ્રી જયંતિભાઈના ગામ ગોરલમાં ચારિત્ર ચક્રવર્તી આચાર્યશ્રી શાંતિસાગરજી મહારાજે બે ચાતુર્માસ કર્યા હતા, તે વાતનો પૂજ્યશ્રીએ ઉલ્લેખ કર્યો. શ્રી જયંતિભાઈ શાહ પરિવાર તરફથી પ્રસાદ, રૂા. ૧૦/-ની પ્રભાવના તેમજ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યા હતા. આદ.શ્રી જયંતિભાઈ શાહ પરિવાર રાજકુટિરમાં વિશેષ રહીને આત્માની આરાધના કરે તેવી અભ્યર્થના.

## સંસ્થા સંચાલિત ગુરુકુળ વિભાગમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થા સંચાલિત ગુરુકુળના બાળકોને કમ્પ્યુટરનું સુવ્યવસ્થિત જ્ઞાન મળે તે હેતુથી કમ્પ્યુટર લેબનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે આર્થિક સહયોગ આપનારા સર્વે દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | |
|---|---|---|
| (૧) | આદ. શ્રીમતી માધવીબેન અઝીમ સૈફી | $ ૩૦૦૦/- |
| (૨) | આદ. શ્રીમતી ઝુલ્લેખા મન્સુર સૈફી | $ ૨૫૦/- |
| (૩) | આદ. શ્રી કલ્પેશભાઈ તથા શ્રુતિબેન શાહ | $ ૨૦૦/- |
| (૪) | આદ. શ્રી જિજ્ઞાસુભાઈ મહેન્દ્રભાઈ શેઠ | રૂા. ૬૪,૧૦૦/- |
| (૫) | આદ. શ્રી સંજયભાઈ બેરી | રૂા. ૧૬,૦૦૦/- |

## અનુમોદના



આપણી સંસ્થાના સિનિયર મુમુક્ષુ, મુરબ્બી શ્રી કિશોરભાઈ શેઠ તથા આદ. શ્રી ઉષાબેન શેઠના પૌત્રી ચિ. શૈલા સૈફી (ઉ.વ.૧૫) અમેરિકાથી ખાસ 'કમ્યુનીટી સર્વિસ' નામની તેમની શાળા દ્વારા સંચાલિત કાર્યક્રમ માટે પધાર્યા હતા. તેઓએ સંસ્થા સંચાલિત ગુરુકુળના બાળકોને દસ દિવસ સુધી રોજના ત્રણ કલાકનો સમય ફાળવીને કમ્પ્યુટર શીખવાડેલ. ભાષાકીય મુશ્કેલી હોવા છતાં ખૂબ ઉત્સાહ અને આનંદપૂર્વક તેઓએ બાળકોને ભણાવ્યા હતા. તેઓની સેવાભાવનાની અનુમોદના કરી સંસ્થા તેમને સાભાર ધન્યવાદ પાઠવે છે.

## વૈરાગ્ય સમાચાર



(૧) **મુંબઈ :** આપણી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં **આદ. બહેનશ્રી તરુબેન ગાંધી**નું તા. ૪-૮-૧૫ના રોજ દેહાવસાન થયું છે.

મુમુક્ષુ બહેનશ્રી તરૂબેન ગાંધી સંસ્થાના વિશિષ્ટ સાધકોમાંના એક હતા. તેઓએ લગભગ ૨૨ વર્ષ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં કોબામાં રહીને સાધના કરી છે. તેમના અનેક ગુણો સૌ મુમુક્ષુઓને સ્પર્શી ગયા છે. તેમનું શિસ્તબદ્ધ જીવન, સ્વચ્છતા, આજ્ઞાંકિતપણું, કર્તવ્યનિષ્ઠા, ન્યાયપ્રિયતા વગેરે સદ્‌ગુણો અનુકરણીય છે. મહિલાભુવનમાં કોઈને કાંઈ પણ મુશ્કેલી હોય તો તેનું નિવારણ કરવા તેઓ હંમેશાં પ્રયત્નશીલ રહેતા. મહિલાભવન તથા સ્વાધ્યાયહૉલની શિસ્ત તથા સ્વચ્છતા જાળવવામાં તેઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેઓએ આપણી સંસ્થાના અનેક વિભાગોમાં તથા અન્ય ધાર્મિક સંસ્થાઓમાં દાનરાશિ નોંધાવી હતી. જીવનમાં ઘણી મુશ્કેલીઓ વેઠી છતાં તેઓએ ઘણી ધીરજ અને સહનશીલતા જાળવી રાખ્યા હતા. તેમનો આત્મા આવતા ભવોમાં વિશિષ્ટ ધર્મનો પુરુષાર્થ કરી જલદી જલદી પરમપદને પ્રાપ્ત કરે તેવી સંસ્થાનો સમગ્ર પરિવાર પ્રભુને પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. તેમનો પરિવાર પણ અનુકૂળતાએ કોબા સત્સંગ માટે પધારે તેવી અપેક્ષા રાખે છે.



(૨) આપણી સંસ્થામાં લાંબા સમય સુધી રહીને સેવા-સાધના કરનાર, ભૂતપૂર્વ ટ્રસ્ટી, પ્રજ્ઞાવંત, તત્ત્વજ્ઞ આદ.શ્રી પ્રવીણભાઈ પૂનમચંદ દેસાઈના ધર્મપત્ની **આદ.શ્રી રંજનબેન પી. દેસાઈ**નું તા. ૩૧-૮-૨૦૧૫ના રોજ ૭૯ વર્ષની વયે દેહાવસાન થયું છે.

સંસ્થામાં સાધનાકુટિરો બંધાઈ ત્યારે સૌ પ્રથમ રહેવા આવનારા સાધક શ્રી પ્રવીણભાઈ તથા રંજનબેન હતા. તેઓએ ઈ.સ. ૧૯૯૧ થી ઈ.સ. ૨૦૦૦ સુધી - કુલ ૧૦ વર્ષ સંસ્થામાં રહીને સેવા-સાધના કરી હતી. આદ.શ્રી રંજનબા ખૂબ સેવાભાવી હતા. તેઓ દિગંબર મુનિઓને ખૂબ ભાવપૂર્વક આહારદાન આપતા હતા. સત્સંગ અર્થે પોતાના

નિવાસસ્થાને પધારતા પંડિતો તેમજ વિદ્વાનોની તેઓ પ્રેમપૂર્વક જમવાની તથા રહેવાની વ્યવસ્થા કરતા. નિયમિત પૂજા-ભક્તિ કરવાનો તેમનો નિયમ હતો. છેલ્લા ૩૦ વર્ષથી તેઓને બહારની/બજારની વસ્તુઓ નહિ ખાવાનો નિયમ હતો. બીમારી કે વૃદ્ધાવસ્થા દરમિયાન પણ તેમાં છૂટછાટ રાખી નહોતી ! તેઓશ્રીનો આ દૃઢ નિર્ણય સમગ્ર મુમુક્ષુસમાજ માટે અત્યંત પ્રેરણાદાયક છે. તેઓશ્રીએ આદ.શ્રી પ્રવીણભાઈને ધર્મની આરાધના કરવામાં પૂર્ણ સહયોગ આપ્યો હતો, તો શ્રી પ્રવીણભાઈએ પણ રંજનબાની બીમારી દરમિયાન તન-મન-ધનથી સેવા કરીને પોતાની ફરજને નિષ્ઠાપૂર્વક અદા કરી હતી. રંજનબાએ પોતાની જીવનરૂપી લતાને ધર્મરૂપી જળથી સિંચન કરીને અનેક સદ્‌ગુણોરૂપી સુમનો ખીલવ્યા હતાં. તેમનું સરળ, શાંત, નિખાલસ, પરોપકારી તથા ધર્મમય જીવન ખરે જ સરાહનીય અને અનુમોદનીય છે.

સ્વર્ગસ્થનો આત્મા આગામી ભવોમાં અધૂરી રહેલી સાધનાને પૂર્ણ કરી પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૩) **સુરેન્દ્રનગર :** સુરેન્દ્રનગરના વતની આદ. શ્રી **સૌભાગ્યચંદ ગો. તુરખિયા (સ્વામી અમૃતકૈવલ્યજી)**નું તા. ૧૬-૭-૧૫ના રોજ સવારે ૯૨ વર્ષની વયે નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં કાંદીવલી (મુંબઈ) મુકામે દેહાવસાન થયું છે.

આપણી સંસ્થાના પાયાના વિકાસમાં તેઓશ્રીનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે. તેઓ સંસ્થાના સહયોગી હતા. પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં તેઓશ્રીએ સત્સંગનો સારો લાભ લીધો હતો. તેઓશ્રી પૂજ્ય મહારાજ સાહેબ અને મહાસતીજીઓને સંસ્કૃતનો અભ્યાસ કરાવતા હોવાથી 'પંડિતજી'ના નામે ઓળખાતા હતા. તેઓએ પોતાનું જીવન આધ્યાત્મિક વિકાસ અર્થે વીતાવ્યું હતું.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

(૪) **અમદાવાદ :** અમદાવાદ નિવાસી **શ્રી મનહરલાલ ભોગીલાલ શાહ**નું તા. ૧૭-૭-૨૦૧૫ના રોજ ૮૧ વર્ષની વયે લૉસ એન્જલીસમાં કાર અકસ્માતમાં દેહાવસાન થયેલ છે.

તેઓશ્રી તથા તેમના ધર્મપત્ની શકુંતલાબહેન અવારનવાર આપણી સંસ્થામાં સત્સંગ અર્થે આવતા હતા. પૂજ્યશ્રીના પ્રવચનોથી પ્રભાવિત થઈને તેમની આજ્ઞા પ્રમાણે સતત ધર્મની આરાધનામાં બાકીનું જીવન ગાળવા માટે તેઓ કટિબદ્ધ હતા. આદ.શ્રી મણિભાઈના સ્વાધ્યાયમાં તેઓ નિયમિત હાજરી આપતા હતા.

લગભગ દેહ છૂટી જશે એમ નિશ્ચિત લાગતા તેઓ વેન્ટીલેટર પર ન રહેવા માટે આગ્રહી રહ્યા હતા. સામાયિક, આજ્ઞાભક્તિ તથા આલોચના લગભગ છેલ્લા સમય સુધી શુદ્ધિપૂર્વક ભાવ્યા હતા અને પોતાના દેહના સમસ્ત અંગોનું દાન મેડિકલના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે કર્યું હતું.

પરમાત્મા તેઓશ્રીના આત્માને શાંતિ અર્પે અને સુગતિ મરણ દ્વારા તેઓ બીજા ભવમાં પણ પોતાની સાધનાનું અનુસંધાન કરીને શીઘ્ર આત્મકલ્યાણને પામે એવી સમસ્ત કોબા પરિવાર પરમાત્માને પ્રાર્થના કરે છે.

# क्षमा धारो... क्षमा करो...

- आचार्य कनकनन्दी

क्षमा धारो भाई क्षमा धारो, मन-वचन-काय से क्षमा धारो,
रत्नत्रय युक्त क्षमा धारो, क्रोध-मान-माया-लोभ छोडो । (१)

पहले स्वयं को क्षमा करो, मोह क्षोभ रहित क्षमा धारो,
हर जीव प्रति क्षमा करो, क्षमा याचना भी सभी से करो । (२)

अन्यथावाणी से न होती क्षमा, क्षमाभाव बिन न होती क्षमा,
मित्रों से ही क्षमा न होती क्षमा, क्षमावाणी कार्ड से नहोती क्षमा । (३)

अक्षमाभाव ही न करो उत्पन्न, स्वभाव को ही न करो मलिन,
मोह क्षोभ से भाव होता मलिन, मलिन भाव से होती क्षमा मलिन । (४)

क्षमा है आत्मा का शुद्ध भाव, राग-द्वेष-मोह आदि अशुद्ध भाव,
अशुद्ध भाव त्याग से होती क्षमा, अन्य जीव यदि न करे क्षमा । (५)

पारस प्रभु ने तो क्षमा धारा, कमठ दुष्ट ने न क्षमा धारा,
पार्श्व प्रभु पर उपसर्ग किया, पार्श्व प्रभु को तो मोक्ष मिला । (६)

क्षमा से पाप भी दूर होता, मानसिक ताप भी दूर होता,
विविध रोग भी दूर होते, तन-मन-आत्मा स्वस्थ होते । (७)

क्षमा है 'वीरस्य भूषणम्', अक्षमा से है आत्म पतनम्,
संक्लेश-कलह भी नाशनम्, वैर-विरोध भी प्रणाशनम् । (८)

उत्तम क्षमा तो मुनि धारे, आंशिक श्रावक जन धारे,
संकल्पी हिंसा सम त्याग करे, व्यर्थ-संक्लेश श्रावक न करे । (९)

उत्तम क्षमा का भाव धरे, श्रमण बनने का भाव धरे,
श्रमण बनकर साम्य धरे, साधना से मोक्ष प्राप्त करें । (१०)

उत्तम क्षमादि है दश धर्म, आत्मिक शाश्वतिक विश्व धर्म,
परस्पर में करते ये सहयोग, सम उत्पन्न ये आत्म-भाव । (११)

सम्यग्दृष्टि में ये होते उत्पन्न, सर्वज्ञ में ये होते संपूर्ण,
आत्मिक वैभव मिले इसी से, 'कनक' चाहे ये नवकोटि से । (१२)

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

# હાર નથી થતી

લહેરોના ડરથી નૌકા પાર નથી થતી, કોશિશ કરવાવાળાની હાર નથી થતી !
નાની કીડી જ્યારે દાણો લઈ ચાલે છે, ચડતાં દીવાલો પર સો વાર લપસે છે,
મનનો વિશ્વાસ નસોમાં સાહસ ભરે છે, ચડીને પડવું પડીને ચડવું નિશ્ચય દૃઢ કરે છે !
છેવટે એની મહેનત બેકાર નથી જતી, કોશિશ કરવાવાળાની હાર નથી થતી.
ડૂબકીઓ સાગરમાં મરજીવા લગાવે છે, જઈ જઈને એ ખાલી હાથે બહાર આવે છે,
મળતાં નથી મોતી સહેજે ઊંડા પાણીમાં, વધે છે ઉત્સાહ બમણો આ પરેશાનીમાં,
મુઠ્ઠી એની દર વખતે ખાલી નથી હોતી, કોશિશ કરવાવાળાની હાર નથી થતી !
નિષ્ફળતા એક પડકાર છે - સ્વીકારી લો, શું ખામી રહી ગઈ જુઓ અને સુધારી લો !
જ્યાં સુધી સફળ ન થાઓ, ઊંઘ ચેનની ત્યાગો તમે, સંઘર્ષોનું મેદાન છોડી કદી પણ ભાગો ન તમે,
કંઈ કર્યા વગર જ જયજયકાર થતો નથી, કોશિશ કરવાવાળાની હાર નથી થતી.



**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ સ્વ. ચંચળબેન શાંતિલાલ મહેતા (લંડન)ની પુણ્યસ્મૃતિ નિમિત્તે**
**હસ્તે : આદ. શ્રી કુમુદભાઈ શાંતિલાલ મહેતા (મુંબઈ)**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ આદ. શ્રી મંજુબેન ધીરજલાલ ડગલી (મુંબઈ નિવાસી)ના ૮૦મા જન્મમંગલદિન નિમિત્તે**
હસ્તે : આદ. શ્રી ધીરજલાલ ટી. ડગલી, આદ. શ્રી રાજેશભાઈ ડી. ડગલી, આદ. શ્રી નીતાબેન આર. ડગલી (યુ.એસ.એ.)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007,
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah